# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions
**Year :** 04, **Issue :** 71, Dt. 21-07-2026 (TUESDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789




# દિલ્હીના દિલમાં બળતી ચીંગારી!



## પંજાબ ખેડૂતોના ધરણા સમાપ્ત

## ખેડૂતોની દિલ્હી કૂચ સ્થગિત સરકારે માંગણીઓ સ્વીકારી

- ■ હરિયાણા સરકારે ખેડૂત નેતાઓને મૂક્ત કરવાની અને કૃષિમંત્રી સાથે બેઠક કરવાની માંગ સ્વીકારી
- ■ અમેરિકા-ભારત ટ્રેડ ડિલ FTA રદ્દ કરવાની મુખ્ય માંગ પર નિર્ણય થયો નથી

## મોદીએ કહ્યું : પેપર લીકના દોષિતોને સજા મળશે

ભારત-અમેરિકા ટ્રેડ ડીલથી ખેડૂતોને કોઈ નૂકસાન નહીં





## કેજરીવાલે કહ્યું વિદ્યાર્થીઓ વિરુધ્ધ ખોટી FIR



રાહુલ-પ્રિયંકા ઘાયલ વિદ્યાર્થીઓની ખબર પૂછવા હોસ્પિટલ ગયા

## રાહુલ ગાંધીએ કહ્યું PM વિદ્યાર્થીઓ પાસે માફી માંગે

RML હોસ્પિટલમાં ઘાયલોની સારવાર ચાલી રહી છે

## શિક્ષણ મંત્રીનું રાજીનામુ નહીં તો આંદોલન ઉગ્ર : CJP

- ■ દીપકેએ કહ્યું-સંસદ માર્ચ નહીં કાઢીએ વાંગચૂકના ઉપવાસ ચાલુ રહેશે
- ■ વાંગચૂકની પત્નીએ કહ્યું સોનમને નજરકેદ કરાયા

કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરભ દાસ અને આશુતોષ રાંકાએ સોમવારે કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરી હતી. મોડી સાંજ સુધી સરકારે બેઠકમાંથી કોઈ નિષ્કર્ષ જાહેર કર્યો ન હતો. હવે, સીજેપીના પ્રવક્તા આશુતોષ રાંકાએ જેપી નડ્ડા સાથેની બેઠકને નકામી ગણાવી છે અને જાહેરાત કરી છે કે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું ન આપે ત્યાં સુધી કોકરોચ જનતા પાર્ટીનો વિરોધ ચાલુ રહેશે.

સાંસદ ચંદ્રશેખર આઝાદ વિદ્યાર્થીઓ ઉપર થયેલા લાઠીચાર્જના વિરોધમાં સંસદ પરિસરમાં ધરણા પર બેઠા

## સોનમ વાંગચૂકને મેદાંતા શિફ્ટ કરવાનો હાઈકોર્ટનો આદેશ

દિલ્હી હાઈકોર્ટે સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી તેમની પસંદગીની મેદાંતા હોસ્પિટલમાં શિફ્ટ કરવાની મંજૂરી આપી દીધી છે. વાંગચુકને તરત જ મેદાંતા લઈ જવામાં આવશે અને સફદરજંગ હોસ્પિટલ તેમના ઈલાજના તમામ મેડિકલ દસ્તાવેજો મેદાંતાને સોંપશે. કોર્ટના નિર્દેશ મુજબ, મેદાંતા હોસ્પિટલના નિર્દેશક ડોકટરોની એક પેનલ બનાવશે, જે સોનમ વાંગચુકની આગળની સારવારની સંપૂર્ણ દેખરેખ રાખશે.

### યુવાનો પોતાના હકો માટે, પોતાના ભવિષ્ય માટે રસ્તા પર ઉતરે અને જવાબમાં શું મળે લાઠી, કેસ અને ધમકીઓ !

# દિલ્હીના રસ્તાઓ સાક્ષી છે લોહીથી રંગાયેલા માથા, દંડાના નિશાનોથી ભરેલી પીઠોઃ શું આ છે લોકશાહી ?



યુવાનોને મારવાથી પ્રશ્નો મરી જતા નથી એ વધુ ઉગ્ર બનીને પાછા આવે છે...

### શું આ સવાલ પૂછવો હવે દેશદ્રોહ ગણાય? શું પોતાના હકો માટે ઉભા રહેવું ગુનો બની ગયું છે?





લોકશાહીનો પાઠ આપણને બાળપણથી ભણાવવામાં આવ્યો છે. "જનતા સર્વોપરી છે." પરંતુ આજે હકીકત એ છે કે જનતાનો અવાજ સત્તાવાળાઓ માટે માત્ર ઘોંઘાટ બની ગયો છે. સત્તા પક્ષ હોય કે વિરોધ પક્ષ ખુરશી મળતા જ બધાને એક જ રોગ લાગી જાય છે. પ્રશ્નોથી ડરવાનો રોગ.

ચૂંટણી પહેલા યુવાનો દેશનું ભવિષ્ય લાગે છે, અને ચૂંટણી પછી એ જ યુવાનો મુશ્કેલી બની જાય છે! શું આ છે લોકશાહી? યુવાનો પોતાના હકો માટે, પોતાના ભવિષ્ય માટે રસ્તા પર ઉતરે અને જવાબમાં શું મળે? લાઠી, કેસ અને ધમકીઓ !

દિલ્હી અને મુંબઈના રસ્તાઓ આજે સાક્ષી છે લોહીથી રંગાયેલા માથા, દંડાના નિશાનોથી ભરેલી પીઠો... શું આ છે આપણા દેશની પ્રગતિ? શું સવાલ પૂછવો હવે દેશદ્રોહ ગણાય? શું પોતાના હકો માટે ઊભા રહેવું ગુનો બની ગયું છે?આ યુવાનો હવે ડરતા નથી.



જન કી બાત | અનિરુદ્ધ નકુમ

એ ડર તૂટી ગયો છે, એ ડર કે સત્ય બોલવાથી દબાવી દેવાશે, એ ડર કે સમાજ અને ધર્મના નામે તેમને ચૂપ કરાવી દેવાશે. હવે તેઓ ખુલ્લેઆમ પૂછે છે અને આ સવાલો સત્તાને ચુભે છે.પોલીસને પણ એક સવાલ છે કે, તમે પણ કોઈના દીકરા-દીકરી છો. શું ક્યારેય વિચાર્યું છે કે આ જ લાઠી તમારા પોતાના સંતાન પર પડે તો? શું તમે એ દૃશ્ય સહન કરી શકશો? જો જવાબ ના છે, તો પછી આ ક્રૂરતા શા માટે?શાંતિપૂર્ણ વિરોધ લોકશાહીનો આધાર છે, અને તેને દબાવવું લોકશાહીનું અપમાન છે. યુવાનોને મારવાથી પ્રશ્નો મરી જતા નથી એ વધુ ઉગ્ર બનીને પાછા આવે છે. આજે સમય છે સ્પષ્ટ વાત કરવાનો, જનતાનો અવાજ દબાવી શકાય નહીં. ડરાવી શકાય નહીં. અને રોકી પણ શકાય નહીં. જો પોતાના હકો માટે ઊભા રહેવું ગુનો છે તો પછી આ લોકશાહી નથી, માત્ર એક ભ્રમ છે. તો કહો, આ જ તો છે લોકશાહી ?

### પોલીસને પણ અનેક સવાલ છેઃ તમે પણ કોઈના દિકરા-દીકરીના પિતા છો આ જ લાઠી તમારા સંતાન પર પડે તો? શું તમે દ્રશ્ય સહન કરી શકશો? જો જવાબ 'ના' છે તો પછી આ કુરતા શા માટે ?



# CJP આંદોલનમાં બોલીવુડમાં 'વોર' !

## સપોર્ટમાં



### શબાના આઝમી અને પ્રકાશ રાજ જંતર-મંતર પહોંચ્યા

વરિષ્ઠ અભિનેત્રી શબાના આઝમી સોમવારે સીજેપીના વિરોધ માર્ચમાં જોડાવા દિલ્હી પહોંચ્યા. ૭૫ વર્ષીય એક્ટ્રેસ પ્રદર્શનકારીઓ સાથે ટ્રકમાં મુસાફરી કરતી અને બેરિકેડ્સ પાર કરતા જોવા મળ્યા. સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરતા તેણે લખ્યું કે આખરે સરકાર વાતચીત માટે તૈયાર થઈ ગઈ છે. જંતર-મંતર પર શિક્ષણ સુધારાઓ માટે આ એક શાંતિપૂર્ણ પ્રદર્શન છે. પ્રદર્શન દરમિયાન શબાના આઝમીનો શ્વાસ ફૂલતો દેખાયો, પરંતુ તેઓ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને પરીક્ષામાં થયેલી ગડબડની તપાસની માંગ પર અડગ રહ્યા.

### વિદ્યાર્થીઓ સાથે જે થયું તે ખોટું હતુંઃ દિલજીત દોસાંઝ



દિલજીત દોસાંઝે એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યુંઃ "આજે જે થયું તે ખૂબ જ ખોટું હતું. વિદ્યાર્થીઓ સાથે આ રીતે વર્તવું જોઈતું ન હતું. હું અધિકારીઓને વિદ્યાર્થીઓની માંગણીઓ સાંભળવા અપીલ કરું છું. લોકોનો અવાજ એ ભગવાનનો અવાજ છે. ભૂતકાળમાં મને ઘણી વખત 'રાષ્ટ્રવિરોધી' કહેવામાં આવ્યો છે, અને હવે મને કદાચ એ જ રીતે લેબલ કરવામાં આવશે. ખેડૂતોના વિરોધ પછી, મને નોંધપાત્ર વિરોધ અને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો - એવા મુદ્દાઓ જેના વિશે હું ખુલ્લેઆમ બોલી પણ શકતો નથી. ભગવાન બધું જુએ છે. ભગવાન બધાને આશીર્વાદ આપે.

## વિરોધમાં

### કંગનાએ કહ્યું આ બધા જંતર-મંતર પર હોબાળો કરી ઉત્પાત મચાવી રહ્યા છે

પ્રદર્શન દ્વારા સરકારને એ નક્કી કરવા માટે મજબૂર કરી શકાય નહીં કે કોને પદ પર રાખવા છે અને કોને હટાવવા છે



ભાજપના સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે આ આંદોલનની સખત ટીકા કરી છે. સંસદ ભવનની બહાર મીડિયા સાથે વાત કરતા કંગનાએ કહ્યું કે મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવા માટે સંસદ યોગ્ય જગ્યા છે, રસ્તાઓ નહીં. તેમણે કહ્યું કે જનતાએ એક સરકાર ચૂંટી છે અને સરકાર ચલાવવાનો નિર્ણય તેનો જ હોવો જોઈએ. કંગનાએ કહ્યું કે આ બધા જંતર-મંતર પર હોબાળો કરી રહ્યા છે, ઉત્પાત મચાવી રહ્યા છે. જે રીતે આંદોલન ચાલી રહ્યું છે તે યોગ્ય નથી. પ્રદર્શન દ્વારા સરકારને એ નક્કી કરવા માટે મજબૂર કરી શકાય નહીં કે કોને પદ પર રાખવા છે અને કોને હટાવવા છે.

### હેમા માલિનીએ કહ્યું કે, આવા આંદોલનથી કંઈ પ્રાપ્ત થવાનું નથી

મામલાને વાતચીતથી ઉકેલવો જોઈએ અને તેમા સામેલ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવા ન જોઈએ



આવા આંદોલનથી કંઈપણ પ્રાપ્ત થવાનું નથી. મોદી સરકાર દેશના યુવાનો અને શિક્ષણ વ્યવસ્થાના વિકાસ માટે સતત કામ કરી રહી છે. હેમા માલિનીએ કહ્યું કે આ મામલાને વાતચીતથી ઉકેલવો જોઈએ અને તેમાં સામેલ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવા ન જોઈએ. જોકે, તેમણે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ પર કોઈ પણ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો.

# દેશના ભાવિ યુવાનો ઉપર FIR

## દિલ્હીમાં સંસદ કૂચમાં જોડાનાર 70 યૂવાનોની અટકાયત 4 FIR નોંધાઈ



### કંઈ ફરિયાદ થઈ

- સંસદ સત્ર દરમિયાન નવી દિલ્હીમાં મંજૂરી વગર ડ્રોન ઉડાવવા
- કથિત હિંસાનું ષડયંત્ર રચવાના આરોપમાં FIR
- બે FIR સરકારી કાર્યોમાં વિઘ્ન નાખવા, પોલીસ સાથે મારપીટ કરવા સરકારી સંપત્તિઓને નૂકસાન કરવા બદલ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

કર્ફ્યૂ (કલમ ૧૬૩)નો ભંગ કરી સંસદ તરફ આગળ વધવા પર જ્યારે પોલીસે પ્રદર્શનકારીઓને રોક્યા તો ત્યારબાદ હિંસા, પથ્થરબાજી અને બસોમાં તોડફોડની ઘટનાઓ ઘટી. પોલીસે ૭૦થી વધુ લોકોને અટકમાં લીધા છે. હવે દિલ્હી પોલીસ પ્રદર્શનકારીઓ પર આરોપ ઘડી રહી છે તો પ્રદર્શનકારીઓ પણ તેનો જવાબ આપી રહ્યા છે. દિલ્હી પોલીસના આરોપો અને પ્રત્યારોપો વચ્ચે પ્રદર્શનકારીઓના જવાબ જાણો. આ ઉપરાંત દિલ્હી પોલીસે હવે આ મામલે એક્શન પણ લેવા માંડ્યા છે. ૩ પોલીસ મથકોમાં એફઆઈઆર દાખલ થઈ છે તેની વિગતો પણ જાણો.

પ્રદર્શનકારીઓ સાથે દલીલો અંગે દિલ્હી પોલીસનું કહેવું છે કે સોશિયલ મીડિયા પર ગીતાંજલી નામની ૧૨ વર્ષની છોકરી મારપીટ, વાળ ખેંચવા અને માથા પર ઈજા થવા તથા આ સાથે જ લગભગ ૪૦થી ૫૦ અન્ય લોકોના માથા ફૂટ્યા હોવાના દાવા વાળી પોસ્ટ દ્વારા ખોટી જાણકારી ફેલાવવામાં આવી છે. આ જાણકારી ખોટી છે. પોસ્ટમાં કરાયેલા દાવા સાચા નથી. નીટ પેપર લીકના કારણે જે વિદ્યાર્થીઓના જીવ ગયા તેમના પરિવારને ૧ કરોડ રૂપિયાનું વળતર મળે. સોનમ વાંગચુકને હોસ્પિટલમાંથી રિલીઝ કરી દેવામાં આવે.

પ્રદર્શનકારીઓનું કહેવું છે કે તેમના દ્વારા કોઈ હિંસા કરાઈ નહતી ઉલ્ટું પોલીસ તેમના પર હિંસાનો આરોપ લગાવે છે. જ્યારે દિલ્હી પોલીસે સીજેપી પ્રદર્શનકારીઓને લઈને કર્નોટ પ્લેસમાં FIR દાખલ કરી છે.

CJPની સંસદ ચલો માર્ચ દરમિયાન થયેલી ભારે હિંસા બાદ દિલ્હી પોલીસને કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે દિલ્હીના ત્રણ અલગ અલગ પોલીસ સ્ટેશન કર્નોટ પ્લેસ, કર્તવ્ય પથ પોલીસ સ્ટેશન અને પાર્લિયામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં ઉપદ્રવીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે.



## મુંબઈમાં CJPના સપોર્ટમાં શિવાજી પાર્કમાં પ્રદર્શન કરનારા સામે FIR

### કંઈ ફરિયાદ થઈ

- અધિકારીઓ પાસેથી જરૂરી પરવાનગી લીધા વિના જાહેર સભાનું આયોજન કરવા બદલ FIR
- પ્રદર્શનના કારણે વિદ્યાર્થીઓ અને સમર્થકોના જૂથો રસ્તાઓ પર આવી જતા મોટાપાયે ટ્રાફિકજામ થયો હતો જેમાં કલાકો સુધી વાહનોની અવર-જવર ખોરવાઈ હતી

**સિટી ન્યૂઝ@મુંબઈ**

પોલીસ કયા સંજોગોમાં ભીડ એકઠી થઈ હતી અને જાહેર સભાના નિયમોનું ઉલ્લંઘન થયું હતું કે કેમ તેની તપાસ કરી રહી છે. ત્રીજો કેસ મુખ્ય કાર્યક્રમ સમાપ્ત થયા પછી પણ ચાલુ રહેલા પ્રદર્શનો સાથે સંબંધિત છે.

મુંબઈ પોલીસે દાદરના શિવાજી પાર્ક ખાતે થયેલા વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં ત્રણ અલગ અલગ કેસ નોંધ્યા છે. આ વિરોધ સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકને નવી દિલ્હીના જંતર-મંતરથી હોસ્પિટલ લઈ જવા સાથે સંબંધિત હતો. પોલીસ સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું કે પહેલો કેસ અધિકારીઓ પાસેથી જરૂરી પરવાનગી લીધા વિના જાહેર સભાનું આયોજન કરવા બદલ દાખલ કરવામાં આવ્યો હતો. બીજો કેસ સમર્થકો અને જનતાને વિરોધ સ્થળ પર ભેગા થવાની અપીલ સાથે સંબંધિત છે, જોકે આ કાર્યક્રમ માટે કોઈ સત્તાવાર પરવાનગી લેવામાં આવી ન હતી. વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ શિવસેના (ઉત્તર પ્રદેશ)ના વડા ઉદ્ધવ ઠાકરેએ કર્યું હતું.

પોલીસ કયા સંજોગોમાં ભીડ એકઠી થઈ હતી અને જાહેર સભાના નિયમોનું ઉલ્લંઘન થયું હતું કે કેમ તેની તપાસ કરી રહી છે. ત્રીજો કેસ મુખ્ય કાર્યક્રમ સમાપ્ત થયા પછી પણ દાદર વિસ્તારમાં અનેક સ્થળોએ ચાલુ રહેલા પ્રદર્શનો સાથે સંબંધિત છે. પોલીસના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓ અને સમર્થકોના જૂથો રસ્તાઓ પર રહ્યા, જેના કારણે મોટા પાયે ટ્રાફિક જામ થયો અને શિવાજી પાર્ક અને આસપાસના વિસ્તારોમાં વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ. અધિકારીઓએ જણાવ્યું હતું કે ત્રણેય કેસમાં કાયદાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે, અને તપાસ ચાલી રહી છે. પોલીસે એમ પણ જણાવ્યું હતું કે અત્યાર સુધી કોઈપણ કેસમાં કોઈ ધરપકડ કરવામાં આવી નથી. દરમિયાન, ભાજપના પ્રવક્તા નવનાથ બાને કહ્યું હતું કે શિવસેનાના નેતા સંજય રાઉતના યુવાનોને ઉશ્કેરવા અને અશાંતિ ફેલાવવાના પ્રયાસો ક્યારેય સફળ થશે નહીં. સોમવારે ભાજપના રાજ્ય મુખ્યાલયમાં બાને ભાષણ આપતા કહ્યું હતું કે દેશભરના દેશભક્ત યુવાનો વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મજબૂત રીતે ઉભા છે.

**ખર્ચનો ઉત્સવ** | **જેસીબી, હિટાચી, જેકહેમર મોટા કટર મશીનોનું ભાડું અને ઓપરેટિંગ ચાર્જ 1.47 કરોડ થયો**



# જંગલેશ્વર ડિમોલિશનમાં 2.73 કરોડનો ખર્ચ

**વીડિયોગ્રાફીનું 28.05 લાખ અને છાંયડા માટે મંડપનું 9.10 લાખનું બિલ ચૂકવી દેવાયું**

## મનપા સ્ટાફ, પોલીસ કાફલો અને એજન્સીના માણસો માટે મંગાવાયેલા ભોજન અને નાસ્તાનું 27 લાખનું બિલ હજુ ચૂકવવાનું બાકી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો અને બાંધકામો દૂર કરવા માટે ભૂતકાળમાં અત્યાર સુધીનું સૌથી મોટું મેગા ડિમોલિશન ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન પાછળ કરદાતાઓના કરોડો રૂપિયા વપરાયા હોવાના આક્ષેપો સાથે જનરલ બોર્ડમાં વિપક્ષી કોર્પોરેટરો અને સભ્યો દ્વારા લેખિત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

આજે યોજાયેલી RMC ની જનરલ બોર્ડની બેઠકમાં મનપાના જવાબદાર અધિકારીઓએ જંગલેશ્વર ડિમોલિશન પાછળ થયેલા ખર્ચનો સત્તાવાર ચોપડો ખુલ્લો મુક્યો હતો.

અધિકારીઓએ આપેલી સત્તાવાર માહિતી મુજબ, સમગ્ર જંગલેશ્વર ઓપરેશન દરમિયાન કુલ ૨.૭૨ કરોડથી લઈને ૨.૭૩ કરોડ રૂપિયા સુધીનું આંકડાકીય બિલ બન્યું છે.

આ મેગા ઓપરેશનમાં મિલકતો અને પાકા બાંધકામો તોડી પાડવા માટે મોટા પ્રમાણમાં જેસીબી, હિટાચી, જેક હેમર અને મોટા કટર મશીનો ઉપયોગમાં લેવાયા હતા, જેનું ભાડું અને ઓપરેટિંગ ચાર્જ સૌથી વધુ એટલે કે રૂ. ૧.૪૭ કરોડ થયો છે.

ડિમોલિશન દરમિયાન કોઈ વિવાદ ન સર્જાય અને ભવિષ્યની કોર્ટ કાર્યવાહી માટે પુરાવા રહે તે માટે કરાયેલી વીડિયોગ્રાફી પાછળ રૂ. ૨૮.૦૫ લાખનો ખર્ચ થયો છે. આ ઉપરાંત સ્થળ પર કંટ્રોલ રૂમ અને છાંયડા માટે ઉભા કરાયેલા મંડપ સર્વિસના રૂ. ૯.૧૦ લાખ ચૂકવી દેવામાં આવ્યા છે.

સ્ટાફ અને મજૂરોના રક્ષણ માટે ખરીદાયેલી હેલમેટ, સેફ્ટી એપ્રન, વાહનોના ડીઝલ, ઈલેક્ટ્રિક સુવિધા, ડમ્પરના ફેરા અને ટ્રાન્સપોર્ટેશનના ખર્ચાઓ પણ બિલમાં આવરી લેવાયા છે.

તંત્રએ બોર્ડ સમક્ષ કબૂલાત કરી હતી કે આ સમગ્ર ઓપરેશન દરમિયાન તૈનાત રહેલા મનપા સ્ટાફ, પોલીસ કાફલા અને એજન્સીના માણસો માટે મંગાવાયેલા ભોજન અને નાસ્તાનું રૂ. ૨૭ લાખનું ફૂડ બિલ હજુ સુધી ચૂકવવાનું બાકી છે અને તે ચૂકવવાની પ્રક્રિયા ચાલુ છે.

જનરલ બોર્ડમાં આ આંકડા જાહેર થતાં જ મનપાના સભાગૃહમાં આટલા મોટા ખર્ચ અને વહીવટી પ્રક્રિયા અંગે ભારે ચર્ચા-વિચારણા જોવા મળી હતી.

### શું ખર્ચ થયો ? 6 દિવસ ડિમોલિશન ચાલ્યું હતું

| | |
|---|---|
| મંડપનો ખર્ચ | 9,09,600 |
| પીવાનું પાણી | 22,92,096 |
| વીડીયોગ્રાફી | 28,05,808 |
| ઈલેક્ટ્રીક કામગીરી | 4,66,732 |
| ડીઝલ | 3,58,880 |
| કર્મચારી-અધિકારીઓને લેવા-મૂકવા ભાડાની બસ | 6,69,768 |
| પરચૂરણ ખર્ચ | 4,71,200 |
| એપ્રેન | 5,07,744 |
| ફૂડ | 27,20,946 |
| જેસીબી સહિતના મશીનો | 1,47,70,763 |
| વાહનોના ફેરા | 11,80,023 |




### રાજકોટ જિલ્લામાં લાયસન્સ માટે 'રેટ' ફિક્સ : પૈસા આપો મેડિકલ ખોલો !

# ફૂડ એન્ડ ડ્રગ ઈન્સપેક્ટરે મેડિકલ લાયસન્સ માટે 'પ્રસાદી' ફરજિયાત?

### જેતપૂર શહેરમાં નવું મેડિકલ લાયસન્સ મેળવવા માટે અરજી કરનાર અરજદારો પાસેથી 20,000 ઉઘરાવ્યાના આરોપ

### ડ્રગ ઈન્સપેક્ટરે અરજદારને પોતાની ટોયેટા કંપનીની પ્રાઈવેટ ગાડીમાં બેસાડી વહીવટ કર્યો

## અરજદારને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે નક્કી કરેલ રકમ કવરમાં બંધ કરીને પહોંચતી કરવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (Food and Drugs Control Administration) ભ્રષ્ટાચારનો ગઢ બની ગયું હોય તેવી ચોંકાવનારી વિગતો સામે આવી છે. જિલ્લાની હદમાં આવતા જેતપુર સિટીમાં નવું મેડિકલ લાયસન્સ મેળવવા માટે અરજી કરનાર અરજદારો પાસેથી "૨૦,૦૦૦ની પ્રસાદી"ની જાહેરમાં માંગણી કરવામાં આવી રહી હોવાનો ગંભીર આક્ષેપ ઉઠ્યો છે.

મળતી માહિતી મુજબ, ગઈકાલે જેતપુર ખાતે એક અરજદાર નવા મેડિકલ લાયસન્સ અંગે અરજી અને તપાસ માટે ગયા હતા. ત્યારે ત્યાં ફરજ પરના અધિકારી દ્વારા કાયદાકીય પ્રક્રિયા પૂરી કરવાના બદલે અગાઉથી જ પૈસા તૈયાર રાખવા જણાવી દેવાયું હતું.

હદ તો ત્યારે થઈ જ્યારે આ વહીવટ ખુલ્લેઆમ કરવાના બદલે ડ્રગ ઈન્સ્પેક્ટરે અરજદારને પોતાની ટોયોટા કંપનીની પ્રાઈવેટ ગાડીમાં બેસાડી ખાનગીમાં મોટો વહીવટ ગોઠવ્યો હતો. ગાડીમાં જ અરજદારને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે નક્કી કરેલ રકમ "કવરમાં બંધ કરીને જ પહોંચતી કરવી."

## શું ઉચ્ચ અધિકારીઓ અને વિજિલન્સ વિભાગ આ 'ટોયોટા ગાડીવાળા' ઈન્સ્પેક્ટર સામે તપાસના આદેશ આપશે? કે પછી આ ભ્રષ્ટાચારનો આંકડો છેક ઉપર સુધી પહોંચે છે એટલે મૌન સેવવામાં આવશે?

## તાજેતરમાં જ પોસ્ટિંગ મેળવેલ ડ્રગ ઈન્સ્પેક્ટર વિવાદમાં

સૌથી વધુ આશ્ચર્યની વાત એ છે કે, આ ખાનગી વહીવટ કરનાર ડ્રગ ઈન્સ્પેક્ટરે તાજેતરમાં જ પરીક્ષા પાસ કરીને રાજકોટ ખાતે નવું પોસ્ટિંગ મેળવ્યું છે. સરકારી સેવા શરૂ કરતાની સાથે જ વહીવટી પારદર્શિતા અને નિયમોનું પાલન કરાવવાને બદલે અધિકારીએ કમાણીનો અડ્ડો જમાવી લીધો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

## શું આ રીતે નશાના કારોબારને મોકળું મેદાન અપાશે?

મેડિકલ લાયસન્સ આપવા પાછળનો મુખ્ય હેતુ નિયમિત અને કાયદેસર દવાઓનું વેચાણ સુનિશ્ચિત કરવાનો હોય છે. પરંતુ જો માત્ર ૨૦,૦૦૦ ના નિવેદ્ય ધારીને વગર યોગ્ય તપાસે કે પૈસાના જોરે લાયસન્સ ઇસ્યુ કરી દેવામાં આવશે, તો વિસ્તારમાં ગેરકાયદેસર અને નશાકારક દવાઓનો કારોબાર ફૂલ્યો-ફાલ્યો જ રહેશે.

### શહેરની છબીને ઝટકો; શહેરમાં જાહેર શિસ્ત પર ફરી સવાલ


# રાજકોટમાં ‘દાગીના’નો બેકાબુ હંગામો !



## રૈયા રોડ પર નશામાં ધૂત નિર્વસ્ત્ર યુવકનો હંગામો !



**ખુલ્લેઆમ આતંક પોલીસના પેટ્રોલિંગ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર મોટા સવાલો**



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરને હંમેશા ગુજરાતના શાંત અને સંસ્કારી શહેરોમાં ગણવામાં આવે છે, પરંતુ તાજેતરમાં સામે આવેલા એક વાયરલ વીડિયોએ સૌ કોઈને ચોંકાવી દીધા છે. રાજકોટના રૈયા રોડ પર આવેલા આલાપ ગ્રીન સિટી પાસે ભરબજારે એક યુવકે નશાની હાલતમાં ભારે હંગામો મચાવ્યો હતો. આ યુવક જાહેર માર્ગ પર સંપૂર્ણપણે નિર્વસ્ત્ર થઈને ચાલતો અને વાહનો વચ્ચે હાથ હલાવીને અજીબ હરકતો કરતો જોવા મળ્યો હતો. આ ઘટનાને કારણે રસ્તેથી પસાર થતા સામાન્ય નાગરિકો અને વાહનચાલકોમાં ભારે કૌતુકની સાથે અગવડતા સર્જાઈ હતી. જાહેર માર્ગ પરના આ દ્રશ્યો ત્યાંથી પસાર થતા પરિવારો, મહિલાઓ અને બાળકો માટે ખૂબ જ શરમજનક સાબિત થયા હતા. ચોંકાવનારી વાત એ છે કે રાજકોટમાં આવી ઘટના કોઈ પહેલો કિસ્સો નથી. અગાઉ પણ શહેરના પોશ વિસ્તાર ગણાતા કાલાવડ રોડ પર એક યુવક નગ્ન હાલતમાં બાઇક ચલાવતો જોવા મળ્યો હતો, જેનો વીડિયો પણ ભારે વાયરલ થયો હતો. ટૂંકા ગાળામાં આવી હરકતોનું ઉપરાઉપરી પુનરાવર્તન થવું એ શહેરની જાહેર શિસ્ત અને સામાજિક સુરક્ષા માટે એક મોટો ખતરો દર્શાવે છે. આ પ્રકારની ઘટનાઓ રાજકોટની પ્રતિષ્ઠાને ગંભીર નુકસાન પહોંચાડી રહી છે. નશામાં ધૂત તત્વોનો રસ્તા પર આ પ્રકારનો ખુલ્લેઆમ આતંક પોલીસના પેટ્રોલિંગ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર મોટા સવાલો ઉભા કરે છે. જાગૃત નાગરિકોમાં હવે એવી પ્રબળ માંગ ઉઠી રહી છે કે પોલીસ તંત્ર આ વીડિયોની ગંભીરતાથી નોંધ લે અને આવા અશોભનીય કૃત્યો કરનારાઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરે, જેથી ભવિષ્યમાં આવી શરમજનક ઘટનાઓ પર કાયમી અંકુશ લાવી શકાય.

**નગ્ન થવાના શોખીનને પોલીસે લીમડાનો સ્વાદ ચખાડવો જરૂરી; નહીં તો આવા કેટલાય ‘દાગીના’ રખડે છે તેઓ આવુ કૃત્ય કરતા અચકાશે નહીં**

### મહાપાલિકાની આરોગ્ય વિભાગના દરોડાનો દૌર યથાવત

# રાજકોટના ખોરાકમાં ઝેર; 11 પેઢી સીલ

## 64 પેઢી-રેસ્ટોરન્ટમાં દરોડા, 476 કિલો વાસી ખોરાકનો નાશ; 29 વેપારીને 75000નો દંડ વસૂલાયોઃ ચાર નમૂના લઈ લેબમાં પરિક્ષણ માટે મોકલ્યા






**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા ભેળસેળિયા તત્વો સામે રાજકોટ મહાનગરપાલિકા (RMC) ના ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. મંગળવારે આરોગ્ય શાખાની ટીમ દ્વારા શહેરમાં સઘન સર્વેલન્સ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ મેગા ડ્રાઈવ દરમિયાન ૬૪ જેટલી પેઢીઓ અને રેસ્ટોરન્ટમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી, જેમાં મોટા પાયે ગેરરીતિઓ અને ગંદકી સામે આવી છે. ફૂડ વિભાગે કડક કાર્યવાહી કરતા ૪૭૬ Kg વાસી, સડેલો અને અખાદ્ય જથ્થો સ્થળ પર જ નાશ કર્યો હતો. આ ઉપરાંત, નિયમોનું ઉલ્લંઘન કરતી ૧૧ પેઢીઓને તાત્કાલિક સીલ મારી દેવામાં આવ્યા છે, જ્યારે ૨૯ પેઢીઓને લાઈસન્સ અને સ્વચ્છતા જાળવવા બાબતે નોટિસ ફટકારવામાં આવી છે. તંત્ર દ્વારા આ કાર્યવાહીમાં કુલ ૭૫૫૦૦ રૂપિયાનો વહીવટી દંડ પણ



વસૂલવામાં આવ્યો છે.

શહેરમાં ચાલી રહેલા આ મોટા ઓપરેશનમાં અનેક નામાંકિત પેઢીઓની પોલ ખુલી છે. નાનામવા રોડ પર આવેલી હાઉસ ઓફ સ્નેક્સ, ઈશ્વરીયા મેઈન રોડ પર આર.બી ફુડ પ્રોડક્ટ, ભુપેન્દ્ર રોડ પર જય અંબે લાઈવ વેફર્સ, અને ૧૫૦ ફૂટ રિંગ રોડ પર જલારામ ટ્રેડર્સ જેવી પેઢીઓમાં પુષ્કળ ગંદકી, જીવાતનો ઉપદ્રવ અને વાસી ખોરાક મળી આવતા તેમને સીલ કરવામાં આવી છે. આ પેઢીઓમાં પ્રતિબંધિત સિન્થેટિક કલર, દાઝિયું તેલ, સડેલા પપૈયા અને એક્સપાયરી ડેટ વીતી ગયેલી ખાદ્ય સામગ્રીનો બેફામ ઉપયોગ થતો હોવાનું ખુલ્યું હતું. મવડી વિસ્તારમાં પટેલ ચાઈનીઝ ભેળ અને ઈન્ડિયા રેસ્ટોરન્ટમાં પણ વાસી નોનવેજ અને ચાઈનીઝ ફૂડ મળતા તંત્રએ સીલિંગની કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત, ડેરી અને મીઠાઈની દુકાનો પર પણ ફૂડ વિભાગે તવાઈ બોલાવી હતી. લક્ષ્મી નગર ખાતે આવેલ મહાદેવ પેંડા પેઢીમાંથી 30 Kg વાસી મીઠો માવો જપ્ત કરી નાશ કરાયો હતો અને પેઢી સીલ કરવામાં આવી હતી. દૂધ અને પનીરના વેચાણમાં થતી ભેળસેળ અટકાવવા 'મિલ્ક ચેકિંગ ડ્રાઈવ' અંતર્ગત કૈલાશ ડેરી ફાર્મ અને બજરંગ ડેરીમાંથી દૂધના નમૂના લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. ફૂડ વિભાગની આ કડક કાર્યવાહીથી ખાણી-પીણીના વ્યવસાય સાથે સંકળાયેલા અને લોકોના આરોગ્ય સાથે રમત રમતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.



### આરોગ્યનું એલર્ટ : ઘરોમાં ફોગીંગ કરતું મહાપાલિકા

# રાજકોટમાં રોગચાળો 'ચારેકોર' : 2058 કેસ...

**મચ્છર ઉત્પન્ન કરતા 233 રહેણાંક, 251 કોમર્શિયલ સ્થળોને નોટિસ ફટકારવામાં આવી**

## પાણીજન્ય રોગચાળો અટકાવવા 2641 ક્લોરિન ટેસ્ટ કરાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ચોમાસાના પ્રારંભે સતત ભેજયુક્ત વાતાવરણ વચ્ચે રોગચાળો વકર્યો છે અને વિવિધ રોગચાળાના ૨૦૫૮ કેસ મળ્યા છે, હાલ ઋતુજન્ય, પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાનું ત્રિભેટે આક્રમણ થયું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. મ્યુનિસિપલ વિકલી એપેડેમિક રિપોર્ટ અનુસાર શહેરમાં શરદી ઉધરસના ૮૭૮ કેસ, તાવના ૮૩૯ કેસ, ઝાડા ઉલ્ટી ના ૩૩૮ કેસ તેમજ ટાઈફોઈડના ત્રણ કેસ નોંધાયા હોવાનું જાહેર કરાયું છે. જો કે ખાનગી તબીબોના મતે જાહેર કરાયા તેનાથી અનેક ગણા વધુ કેસ છે.

વિશેષમાં મ્યુનિ.આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, વાહકજન્ય રોગચાળાના નિયંત્રણ માટે પોરાનાશક કામગીરી હેઠળ ૩૩,૩૮૬ ઘરોમાં પોરાનાશક કામગીરી તથા ફિલ્ડવર્કરો દ્વારા ૧૮૬ ઘરોમાં ફોગીંગ કરાયું હતું. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવાયા હતા.ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય



### શરદી-ઉધરસના 878 કેસ, તાવના 839 કેસ, ઝાડા-ઉલ્ટીના 338 અને ટાઈફોઈડના 3 કેસ નોંધાયા

૬૮૪ પ્રીમાઈસીસ જેમાં બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વિગેરેમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવી હતી અને મચ્છર ઉત્પતિ બદલ રહેણાંકમાં ૨૩૩ અને કોર્મશીયલમાં ૨૫૧ સહિત કુલ ૪૮૪ને નોટીસ ફટકારવામાં આવી હતી. જ્યારે પાણીજન્ય રોગચાળાના અટકાયતી પગલાના ભાગરૂપે ૨૬૪૧ ક્લોરિન ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

### અંતે DEO એક્શન મોડમાં : કડક કાર્યવાહીના આદેશ

# રાજકોટની ન્યૂ ફ્લોરા સ્કૂલ ગેરકાયદેસર

# હવે બંધ થશે

## પેડક રોડ પર 2 વર્ષથી સ્થળ ફેરફારની મંજૂરી વિના ધમધમતી શાળા સામે DEO ની કડક કાર્યવાહી રૂપિયા 1 લાખનો દંડ ફટકાર્યો







**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં શિક્ષણના હાટડા શરૂ થઈ ગયાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. શહેરના પેડક રોડ ઉપર આવેલી ન્યૂ ફ્લોરા સ્કૂલ સ્થળ ફેરફારની મંજૂરી વિના છેલ્લા બે વર્ષથી ધમધમતી હોવાનો જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા રચવામાં આવેલી તપાસ સમિતિના અહેવાલમાં સામે આવ્યુ છે. DEO તો પોતાનો રિપોર્ટ આવતીકાલે જાહેર કરવાના છે પરંતુ સૂત્રો પાસેથી મળેલી વિગત મૂજબ આ સ્કૂલનો મંજૂરી વિના સ્થળ ફેરફાર કરાયો હોવાનું સાબિત થઈ ચૂક્યું છે અને તેથી હવે આ સ્કૂલને બંધ કરવા માટેની નોટિસની સાથે દંડનીય કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. જેથી અહીં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ ના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓને મંજૂરી વાળા બિલ્ડીંગમાં શિફ્ટ કરવા પડશે.

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર, પેડક રોડ પર આવેલી ન્યૂ ફ્લોરા અંગ્રેજી માધ્યમની સ્કૂલ છેલ્લા બે વર્ષથી સ્થળ ફેરફારની મંજૂરી વિના ધમધમતી હતી. જે તપાસ સમિતિની તપાસમાં બહાર આવ્યું છે. જેથી હવે આ સ્કૂલ બંધ કરવા માટેની RTE ના નિયમ ૧૪ મૂજબ નોટિસ આપવામાં આવશે. જે બાદ રૂ.૧ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે અહીં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ ના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓને ફરી જૂની શાળાના બિલ્ડીંગ ખાતે શિફ્ટ કરવી પડશે. જે નવા બિલ્ડીંગથી અડધો કિલોમીટર જેટલું દૂર છે.

સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તા રોહિત રાજપૂતે જણાવ્યું હતું કે, રાજકોટના પેડક રોડ ઉપર આવેલી ન્યૂ ફ્લોરા અને પ્રીમિયર સ્કૂલ બાબતે જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ન્યૂ ફ્લોરા સ્કૂલ સ્થળ ફેરફારની મંજૂરી વિના અન્ય જગ્યાએ ધમધમતી હોવાની રજૂઆત કરી હતી. જેના આધારે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તપાસ સમિતિ રચવામાં આવી હતી. જે તપાસ સમિતિ દ્વારા રૂબરૂ સ્કૂલ ઉપર તપાસ કરવામાં આવી હતી અને નિવેદનો લેવામાં આવ્યા હતા. જે બાદ મીડિયાના માધ્યમથી સ્કૂલની માન્યતા શા માટે રદ ન કરવી તે પ્રકારની નોટિસ આપી દેવામાં આવી છે. જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આમાં દંડ પણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રકારની રાજકોટમાં ૧૫ થી ૨૦ જેટલી સ્કૂલો છે કે જે બાબતે આવનારા દિવસોમાં અમે ખૂલાસા કરશું. અમારી રજૂઆત એ છે કે વિદ્યાર્થીઓ મોંઘીદાટ ફી ભરીને શાળામાં અભ્યાસ કરતા હોય છે ત્યારે તેમને સારી સુવિધા અને સુરક્ષા મળે તે પ્રાથમિકતા હોવી જોઈએ. સરકારના નિયમોનું પાલન થાય તે જ અમારી પ્રાથમિકતા છે. સ્થાનિકોનું કહેવું છે કે અહીં અગાઉ સાડીનું કારખાનું હતું અને ત્યારબાદ શેડ ઊભો કરી અને છેલ્લે બે વર્ષથી સ્કુલ ચાલી રહી છે.

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે, ન્યૂ ફ્લોરા સ્કૂલ દ્વારા મંજૂરી વિના સ્થળ ફેરફાર કર્યો હોવાની રજૂઆત મળ્યા બાદ તપાસ કમિટી રચવામાં આવી હતી. એજ્યુકેશન ઈન્સ્પેક્ટરની અધ્યક્ષતાવાળી આ કમિટી દ્વારા પોતાનો તપાસ અહેવાલ આપી દેવામાં આવ્યો છે. જોકે આ સ્કૂલ સામે કયા પ્રકારની કાર્યવાહી કરવી તેનો નિર્ણય એક બે દિવસમાં લેવામાં આવશે.

## ન્યૂ ફ્લોરા સ્કૂલમાં આ પ્રકારના નિયમો અંતર્ગત કાર્યવાહી થશે

ગુજરાત RTE નિયમો, ૨૦૧૨ નો નિયમ ૧૪ (Withdrawal of Recognition) :જો શાળાએ માન્યતાની શરતોનું ઉલ્લંઘન કર્યું હોય (જેમ કે મંજૂરી વગર સ્થળ બદલવું, મંજૂર ઈમારત સિવાય અન્ય જગ્યાએ શાળા ચલાવવી) તો સક્ષમ અધિકારી દ્વારા સૌ પ્રથમ શો-કોઝ નોટિસ આપવામાં આવે, જે બાદ તપાસ કરાવવામાં આવે અને અંતે માન્યતા રદ કરવાની કાર્યવાહી શરૂ કરી શકે છે.

# ગંદુ-ગોબરૂ રંગીલું રાજકોટ

### તંત્ર છે કે નહીં: લોકોમાં રોષ

## કોઠારીયા રોડ પર બે મહિનાથી વહેતા ગંદા પાણીથી લોકો ત્રાહિમામ

### રામેશ્વર ગોલ્ડ સોસાયટી અને લાખા છપ્પર હનુમાન મંદિર પાસેથી નદીમાં સતત ઠલવાતું ડ્રેનેજનું પાણી



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે એક અત્યંત ચોંકાવનારી અને ચિંતાજનક વાસ્તવિકતા સામે આવી છે. શહેરના કોઠારીયા મેઈન રોડ પર આવેલી રામેશ્વર ગોલ્ડ સોસાયટી પાસે અને લાખા છપ્પર હનુમાન મંદિર પાછળના વિસ્તારમાંથી પસાર થતી નદી હાલ સંપૂર્ણપણે ગટરમાં ફેરવાઈ ગઈ છે. નદીના શુદ્ધ નીરની જગ્યાએ હવે અહીં માત્ર કાળું, પ્રદૂષિત પાણી અને કચરાના મોટા ઢગલા જ જોવા મળે છે, જે તંત્રની ઘોર બેદરકારીની ચાડી ખાય છે.સ્થાનિકો પાસેથી મળતી માહિતી અને સામે આવેલા દ્રશ્યો અનુસાર, છેલ્લા બે મહિનાથી આ નદીમાં ખુલ્લેઆમ ગટરનું ગંદુ પાણી છોડવામાં આવી રહ્યું છે. જળાશયની આસપાસ અને પુલની નીચે જ્યાં નજર કરો ત્યાં પ્લાસ્ટિક, કચરો અને કાટમાળ જોવા મળે છે. છેલ્લા ૬૦ દિવસથી સતત ઠલવાતા આ ગંદા પાણીના કારણે આખો વિસ્તાર પ્રદૂષણની અજગર ભરખીમાં આવી ગયો છે અને નદીનું અસ્તિત્વ જ જાણે જોખમમાં મુકાઈ ગયું છે.આ સરકારી બેદરકારીનો સૌથી મોટો ભોગ આસપાસના સ્થાનિક રહેવાસીઓ બની રહ્યા છે. ગટરના પાણીના કારણે સમગ્ર વિસ્તારમાં એવી ભયંકર દુર્ગંધ ફેલાયેલી રહે છે કે લોકોનું શ્વાસ લેવું અને ઘરમાં રહેવું પણ મુશ્કેલ બની ગયું છે. આ ઉપરાંત, ગંદકીના આ સામ્રાજ્યને કારણે મચ્છરોનો ભારે ઉપદ્રવ જોવા મળી રહ્યો છે, જેનાથી ડેન્ગ્યુ, મેલેરિયા કે કોલેરા જેવા જીવલેણ રોગચાળાનો ભય ઝળૂંબી રહ્યો છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડા થઈ રહ્યા હોવા છતાં તંત્ર હજુ સુધી કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે.સ્થાનિક રહીશો હવે ભારે રોષમાં છે અને સવાલ ઉઠાવી રહ્યા છે કે શું રાજકોટ મહાનગરપાલિકા કોઈ મોટા રોગચાળા ફાટી નીકળવાની રાહ જોઈ રહી છે? લોકોની ઉગ્ર માંગ છે કે આ ગંભીર સમસ્યાનો તાત્કાલિક ધોરણે ઉકેલ લાવવામાં આવે, નદીમાં ભળતા ગટરના પાણીના નિકાલને રોકવામાં આવે અને સમગ્ર વિસ્તારમાં યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવે. જો વહેલી તકે કોઈ નક્કર પગલાં લેવામાં નહીં આવે તો સ્થાનિકોનો આક્રોશ આંદોલનનું સ્વરૂપ ધારણ કરી શકે છે.

### શ્રદ્ધા પર કચરાનો ડાઘ: આસ્થાને પહોંચી રહી છે ભારે ઠેસ





## રણુજા મંદિર બહાર ગંદકીની વરવી વાસ્તવિકતા !

### ભગવાનના દર્શન કરતા પહેલા ભક્તોએ ગંદકીમાંથી પસાર થવાનું


**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના કોઠારિયા વિસ્તારમાં આવેલ ખ્યાતનામ રણુજા મંદિર હજારો શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મોટું કેન્દ્ર છે. પરંતુ હાલમાં આ પવિત્ર સ્થળની બહારનું દ્રશ્ય ભક્તોની લાગણીઓને દુભાવી રહ્યું છે. મંદિરના મુખ્ય દરવાજા પર આવેલા આકર્ષક ક્લોક ટાવરની બિલકુલ બાજુમાં જ, ફૂટપાથ અને પતરાની વાડ પાસે કચરાના મોટા ઢગલા ખડકાયેલા જોવા મળે છે. મંદિરમાં દર્શન અને શાંતિની શોધમાં આવતા ભક્તોને પ્રવેશતાની સાથે જ પ્લાસ્ટિકની થેલીઓ, જૂના કપડાં અને અન્ય કચરાના દર્શન કરવા પડે છે, જે ધાર્મિક સ્થળની ગરિમાને કલંકિત કરતી અત્યંત શરમજનક બાબત છે.રણુજા મંદિરનો આ રસ્તો ખૂબ જ વ્યસ્ત છે, જ્યાં સતત વાહનો અને રાહદારીઓની ભારે અવરજવર રહે છે. દિવસભરમાં હજારો નાગરિકો આ રસ્તા પરથી પસાર થાય છે. આવી ભીડભાડવાળી અને સાર્વજનિક જગ્યાએ ખુલ્લામાં પડેલો કચરો લોકોના આરોગ્ય માટે ગંભીર ખતરો ઊભો કરી રહ્યો છે. ખાસ કરીને અહીં ફેંકવામાં આવતો પ્લાસ્ટિકનો કચરો પર્યાવરણને લાંબા ગાળાનું નુકસાન પહોંચાડી રહ્યો છે. આ ગંદકીમાંથી પેદા થતા બેક્ટેરિયા અને દુર્ગંધ કોઈપણ સમયે મોટા રોગચાળાને નોતરી શકે છે, છતાં તંત્ર અને જવાબદાર લોકો જાણે આંખ આડા કાન કરી રહ્યા છે.એક તરફ સ્વચ્છતા અભિયાનની મોટી મોટી વાતો થાય છે, ત્યારે બીજી તરફ ધાર્મિક સ્થળોની આસપાસની આવી દુર્દશા સ્થાનિક તંત્ર (RMC) ની કામગીરી પર સવાલો ઊભા કરે છે. આ વિસ્તારમાં સફાઈની યોગ્ય વ્યવસ્થા થાય, કચરાનો તાત્કાલિક નિકાલ થાય અને યોગ્ય જગ્યાએ કચરાપેટીઓ મુકાય તે સમયની તાતી જરૂરિયાત છે. જોકે, આ પરિસ્થિતિ માટે માત્ર તંત્રને દોષ દેવો પણ યોગ્ય નથી. આસપાસના લોકો અને મંદિરે આવતા શ્રદ્ધાળુઓએ પણ જાગૃત થઈને પોતાની સામાજિક ફરજ સમજવી પડશે. ધાર્મિક સ્થળની પવિત્રતા જાળવવી એ સૌની સામૂહિક જવાબદારી છે.

# હોટલ રેસ્ટોરન્ટમાં શુધ્ધ ભોજન મેળવવું મૂશ્કેલ ?










### અમદાવાદમાં વિવાદ : AMCની કડક કાર્યવાહી

# મેકડોનાલ્સમાં બર્ગરનો વેજ ઓર્ડરના બદલે નોનવેજ પિરસાયું

### ફૂડ આઉટલેટ મેકડોનાલ્સ રેસ્ટોરન્ટમાં ગ્રાહકથી ધાર્મિક અને ખાણીપીણીની ભાવના સાથે ચેડાંઃ AMC ફૂડ વિભાગે તત્કાલ સિલ મારી દેવાયું

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલી મેકડોનાલ્ડ્સની એક બ્રાન્ચમાં વેજ બર્ગરના બદલે નોનવેજ બર્ગર આપવામાં આવ્યું હોવાનો ગ્રાહકે આક્ષેપ કર્યો છે. ઘટનાને પગલે ગ્રાહકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફૂડ વિભાગમાં ફરિયાદ નોંધાવતાં અધિકારીઓએ સ્થળ પર તપાસ હાથ ધરી હતી.

ફરિયાદના આધારે ફૂડ સેફ્ટી અધિકારીઓએ રેસ્ટોરન્ટની તપાસ કરી હતી. AMCના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસ બાદ ફૂડ સેફ્ટીના નિયમોના ભંગને ધ્યાનમાં રાખી રેસ્ટોરન્ટને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ગ્રાહકે દાવો કર્યો હતો કે વેજ ખોરાકનો ઓર્ડર આપવા છતાં તેમને ભૂલથી નોનવેજ બર્ગર આપવામાં આવ્યો હતો, જેના કારણે તેમની ધાર્મિક અને ખાણીપીણી સંબંધિત લાગણીઓને ઠેસ પહોંચી છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક ગ્રાહકોમાં પણ રોષ જોવા મળ્યો હતો અને મામલો સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યો હતો.

AMCના ફૂડ વિભાગે જણાવ્યું હતું કે સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ કરવામાં આવી રહી છે. ઉપરાંત શહેરના અન્ય ફૂડ આઉટલેટ્સમાં પણ ફૂડ સેફ્ટીના નિયમોના પાલનની ચકાસણી વધુ સઘન બનાવવામાં આવી છે.

## ભુજમાં પણ મેકડોનાલ્ડ્સે વેજના બદલે નોનવેજ પીરસી દીધું





આવીજ ઘટના ભુજના ત્રિમંદિર નજીક આવેલી મેકડોનાલ્ડ્સ બ્રાન્ચમાં વેજ બર્ગરના બદલે નોનવેજ ખોરાક પીરસાયું.ગ્રાહક જાડેજા મિતરાજસિંહના જણાવ્યા મુજબ તેમણે વેજ ઓર્ડર આપ્યો હતો, પરંતુ નોનવેજ ખોરાક મળ્યો હતો. રેપર તપાસતા ભૂલ જણાઈ હતી. તેમણે દાવો કર્યો કે તેમની ૫ વર્ષની દીકરીએ ખોરાક આરોગી લીધો હતો, જેના કારણે ધાર્મિક લાગણીઓ દુભાઈ છે. ગ્રાહકે ગ્રાહક સુરક્ષા મંચમાં ફરિયાદ કરવાની તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સમક્ષ રજૂઆત કરવાની વાત કરી છે.

### સુરતમાં ચાઈનીઝ ખાનાર સાવધાન

# મન્ચુરિયનમાંથી ઉંદર નિકળ્યાનો આરોપ

### સૂરત મહાપાલિકાએ સોશિયલ મીડિયામાં વીડિયો જોઈ કાર્યવાહી કરી



**સિટી ન્યૂઝ@સુરત**

સુરતના સચિન વિસ્તારના પાલી ગામમાં આવેલી જય હનુમાન ચાઈનીઝ સેન્ટરમાં પીરસાયેલા મન્ચુરિયનમાં ઉંદર જોવા મળ્યાનો ગ્રાહકે ગંભીર આક્ષેપ કર્યો છે. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થતાં સુરત મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી અને પ્રાથમિક કાર્યવાહી શરૂ કરી હતી.ગ્રાહકના દાવા મુજબ મન્ચુરિયનની ડિશમાં ઉંદર દેખાતા તેમણે ખોરાક આરોગ્યો નહોતો અને સમયસર સાવચેતી રાખી હતી. ત્યારબાદ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. વીડિયો વાયરલ થતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો અને લોકો દ્વારા ફૂડ સેફ્ટી વિભાગ પાસે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી.

પ્રાથમિક તપાસ બાદ સુરત મહાનગરપાલિકાએ ચાઈનીઝ સેન્ટરને સીલ કરી સંચાલકને રૂ. ૧,000નો દંડ ફટકાર્યો હતો. સાથે જ ફૂડ સેફ્ટી વિભાગે સ્થળ પરથી જરૂરી નમૂનાઓ એકત્ર કરીને વિગતવાર તપાસ શરૂ કરી છે. વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસ અહેવાલના આધારે વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં આવેલી એક રેસ્ટોરન્ટમાં પણ ખાદ્યપદાર્થમાંથી જીવાત નીકળ્યાનો ગ્રાહકે આક્ષેપ કર્યો હતો, જેના પગલે ત્યાં પણ કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે સુરતની હાલની ઘટનાની સત્તાવાર તપાસ હજુ ચાલુ છે અને ગ્રાહકના આક્ષેપોની પુષ્ટિ તપાસ પૂર્ણ થયા બાદ જ થશે.

### રાજકોટ પોલીસને વેપન કાર્ટલ ગેંગમાં દરરોજ મળતી સફળતા

# રાજકોટમાં 'શાકભાજી' જેમ હથિયારો વેંચાયા !

» વધુ 3 સાગરીતો 3 હથિયારો સાથે ઝડપાયાઃ રિમાન્ડ પર રહેલ વધુ એક શખ્સ પાસેથી હથિયાર જપ્ત

» અત્યાર સુધીમાં PCBની ટીમે 20 શખ્સોની 38 હથિયાર 32 કાર્ટિસ સાથે ધરપકડ કરી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ પીસીબીએ હથિયારોની હેરાફેરી કરતી વેપન કાર્ટેલ ગેંગ ઉપર રીતસરની ધોંસ બોલાવી હોય તેમ વધુ ૩ સાગરીતોને ૩ હથિયાર સાથે ઝડપી લીધા છે આ ઉપરાંત રિમાન્ડ પર રહેલા ગાવસ્કર પાસેથી વધુ એક દેશી તમંચો કબ્જે કર્યો છે આજે પોલીસ દ્વારા કબ્જે કરાયેલા તમામ ૩૮ હથિયારો એક સાથે દેખાડવામાં આવ્યા હતા. રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સૂચના અન્વયે રાજકોટ પીસીબીના પીઆઇ એમ આર ગોંડલીયા, પીએસઆઇ આર કે જાડેજાની ટીમે અત્યાર સુધીમાં વેપન કાર્ટેલ ગેંગના ૨૦ સાગરીતોની ધરપકડ કરી ૩૮ હથિયાર અને ૩૨ જીવતા કાર્ટીસ કબ્જે કર્યા છે



આજે પીસીબીની ટીમે જસદણ તાલુકાના બોઘરાવદર ગામના વિશાલ મેપાભાઇ ચોહલા, ચોટીલાના ચાણપા ગામના વિજયસિંહ વજાભાઇ ગોહિલ અને ચુડાના સમઢીયાળા ગામના પ્રતાપ ઉર્ફે શિવરાજ ભરતભાઈ ખાચરની ધરપકડ કરી ત્રણેય પાસેથી ૧ દેશી બનાવટની પિસ્ટલ અને ૨ તમંચા કબ્જે કર્યા છે જયારે આ જ ગુનામાં રિમાન્ડ પર રહેલા ગાવસ્કર ઉર્ફે દર્શન ચંદ્રમૌલિકભાઈ ઉર્ફે અનિલભાઈ રોજાસરા પાસેથી વધુ એક દેશી તમંચો કબ્જે કર્યો છે આજે પીસીબી ઓફિસ ખાતે તમામ હથિયારો એકસાથે પોલીસ દ્વારા મીડિયા સમક્ષ દેખાડવામાં આવ્યા હતા.

### વતનમાંથી ખેપ મારી આવ્યો હતોઃ એસઓજીએ 3.33 લાખનો મુદામાલ કબ્જે કર્યો

# નવાગામમાંથી 19 કિલો પોષડોડાના જથ્થા સાથે રાજસ્થાની શ્રમિકની ધરપકડ

સિટી ન્યૂઝ@રાજકોટ

નવાગામ જવાના રસ્તા પર આવેલી હોટલ બહારથી એસઓજીએ ૧૯.૩૦૦ કિલોગ્રામ પોષડોડાં સાથે મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના ચુનારામ માલારામ જાટ (ઉ.વ.૩૭)ને ઝડપી લીધો હતો. પ્રાથમિક પુછપરછમાં કુવાડવા જીઆઇડીસીમાં કામ કરતા મજૂરોને પોષડોડા વેંચતો હોવાની કબૂલાત આપી છે. સુત્રોએ જણાવ્યું કે, કુવાડવા જીઆઇડીસીમાં આવેલ અમિત એગ્રીકલ્ચર નામના કારખાનામાં ચુનારામ છેલ્લા ચારેક વર્ષથી કામ કરે છે. તેના વતનમાં પોષડોડાની ખેતી કરે છે. જયારે પણ વતન જતો ત્યારે પોષડોડાને



પાવડરના સ્વરૂપમાં લઇ આવતો હતો થોડા દિવસ પહેલાં જ વતન ગયો હતો. ત્યાંથી પોષડોડા લઇ ખાનગી ટ્રાવેલ્સની બસમાં રાજકોટ આવ્યો હતો. બસમાંથી ઉતરતા જ પીઆઇ એન.બી.ચૌધરી અને પીએસઆઇ બી.વી.ચુડાસમાએ તેને ઝડપી લીધો હતો. તેની પાસેથી મોબાઇલ ફોન, રૂા. ૩,૬૦૦ રોકડા વગેરે મળી રૂા.૩.૩૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો પ્રાથમિક પુછપરછમાં તેણે કુવાડવા જીઆઇડીસીના મજુરોને આ પોષડોડા કે જેને અંગ્રેજીમાં પોપિસ્ટ્રો કહેવાય છે, તેનું વેંચાણ કરતો હોવાની કબૂલાત આપી છે. ઉલ્લેખનીય છે કે પોષડોડાનો ભૂક્કો બંધાણીઓ ચામાં અને પાણીમાં ઉકાળીને પણ પીતા હોય છે. બીજા માદક પદાર્થો કરતા તેનો ભાવ ઓછો હોવાથી શ્રમિકોને પરવડે છે. જેથી તેનું સેવન કરે છે.

## બ્યુરોકસીમાં મોટો ફેરફારઃ રાજકોટમાં PGVCLના MD તરીકે એમ.ડી.ચુડાસમાની નિમણૂંક

# ગુજરાતમાં ટ્રાન્સફર વેવ; 28 IAS અને 13 GAS કેડરના અધિકારીઓની બદલી

## જૂનાગઢના મ્યુનિ.કમિશનર પ્રભવ જોષીને GIDCમાં જોઈન્ટ એમ.ડી. બનાવ્યાઃ જૂનાગઢના નવા કમિશનર તરીકે આઈ.આર.વાળા

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા રાજ્યના વહીવટી તંત્રમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યપાલની મંજૂરી બાદ ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ ૨૮ IAS અને GAS કેડરના ૧૩ અધિકારીઓની બદલી અને નવી નિમણૂકના આદેશો જાહેર કરવામાં આવ્યા છે.જુનાગઢ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર પદેથી પ્રભવ જોશીની બે મહિનામાં જ બદલી કરી દેવામાં આવી છે. તેમને GIDCના જોઇન્ટ એમડી તરીકે મૂકવામાં આવ્યા છે. તેમની જગ્યાએ હવે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ તરીકે ફરજ બજાવતા આઈ. આર. વાળાને મૂકવામાં આવ્યા છે. જેને પગલે સ્થાનિક રાજકારણ અને પ્રજામાં ભારે આશ્ચર્ય સાથે વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું છે. પ્રભવ જોશીએ જૂનાગઢ મનપાનો પદભાર સંભાળતાની સાથે જ તાત્કાલિક ફેરફારો શરૂ કરી દીધા હતા. તેમજ અધિકારીઓ અને કર્મચારીઓ સામે કામગીરી બાબતે અત્યંત કડક વલણ અપનાવીને તંત્રને દોડતું કર્યું હતું.પ્રભવ જોશીને GIDC, ગાંધીનગરના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે જવાબદારી અપાઈ છે. જ્યારે સુથાર રાજ રમેશચંદ્રને પોરબંદર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તરીકે, આઈ. આર. વાળાને જૂનાગઢ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તરીકે અને સ્મિત સંતોષ લોઢાને સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.જિલ્લા વિકાસ અધિકારી (DDO) તરીકે પણ મહત્વની નિમણૂકો કરવામાં આવી છે. એચ. જે. પ્રજાપતિને અમરેલી, કે. પી. જોશીને દેવભૂમિ દ્વારકા, ડી. કે. બ્રહ્મભટ્ટને ગાંધીનગર, હિરેન જિતેન્દ્રભાઈ બારોટને દાહોદ અને કે. એસ. ઝાલાને ડાંગ-આહવા DDO તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.એમ. પી. પંડ્યાને ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર, બી. કે. જોશીને રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ, સી. બી. ગણાત્રાને ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાયઝ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને પી. બી. રાઠોડને ડિરેક્ટર, સ્કિલ ડેવલપમેન્ટ તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે.સરકારના વહીવટી તંત્રને વધુ સુગઠિત અને કાર્યક્ષમ બનાવવા માટે આ બદલીઓ અને નિમણૂકો કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગના ઉપસચિવ જેમીન શાહ દ્વારા સંબંધિત વિભાગો અને અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી છે.PGVCLના MD કેતન જોશીની દેવભૂમિ દ્વારકા જિલ્લાના DDO તરીકે બદલી કરવામાં આવી છે જેના કારણે રાજકોટના જંગલેશ્વર વિસ્તારના મેગા ડિમોલિશનની તપાસમાં વિક્ષેપ પડી શકે તેમ છે. કારણ કે ડિમોલિશનના બિલ અંગે તપાસ કમિટીના અધ્યક્ષ તરીકે કેતન જોશીની નિમણુંક કરવામાં આવી હતી. હવે તેમની બદલી થતાં તપાસ કમિટીની કમાન કોને સોંપવામાં આવે છે તે મોટો સવાલ છે.



## રાજકોટ RMC કાજુકતરીકાંડની તપાસ કરનાર અધિકારી PGVCL MD કે.પી. જોષીની દેવભૂમિ દ્વારકામાં બદલી

| ક્રમ | અધિકારીનું નામ | નવું પોસ્ટિંગ |
|---|---|---|
| ૧ | ગૌરાંગ એચ. મકવાણા | એમડી, UGVCL, મહેસાણા |
| ૨ | પ્રણવ જોશી | જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર, GIDC, ગાંધીનગર |
| ૩ | એચ.જે. પ્રજાપતિ | જિલ્લા વિકાસ અધિકારી, અમરેલી |
| ૪ | કે.જે. રાઠોડ | એમડી, DGVCL, સુરત |
| ૫ | સુથાર રાજ રમેશચંદ્ર | મ્યુનિસિપલ કમિશનર, પોરબંદર મહાનગરપાલિકા |
| ૬ | મહેશ શાંતિલાલ જાની | મિશન ડિરેક્ટર, ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન, ગાંધીનગર |
| ૭ | સ્મિત સંતોષ લોઢા | ડેપ્યુટી મ્યુનિ. કમિશનર, સુરત મનપા |
| ૮ | કે.પી. જોશી | જિલ્લા વિકાસ અધિકારી, દેવભૂમિ-દ્વારકા |
| ૯ | ડી.કે. પઢારૂ | જિલ્લા વિકાસ અધિકારી, ગાંધીનગર |
| ૧૦ | એમ.પી. પંડ્યા | એમડી, ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પો.લિ., ગાંધીનગર |
| ૧૧ | હિતેન જિતેન્દ્રભાઈ બારોટ | જિલ્લા વિકાસ અધિકારી, દાહોદ |
| ૧૨ | બી.કે. જોશી | રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ, ગાંધીનગર |
| ૧૩ | આર.એન. કુચાડા | રીજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ, રાજકોટ |
| ૧૪ | સી.બી. ગણાત્રા | એમડી, ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાયઝ કોર્પો. લિ., ગાંધીનગર |
| ૧૫ | સી.એ. ગાંધી | રીજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ, વડોદરા |
| ૧૬ | બી.એન. પટેલ | એક્ઝિ.ડિરેક્ટર, ગુજરાત ગેસ લિ., ગાંધીનગર (સેવાઓ યથાવત) |
| ૧૭ | એ.કે. જોશી | CEO, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (D-SAG), ગાંધીનગર |
| ૧૮ | એ.કે. જોશી | મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર |
| ૧૯ | કે.એસ. ઝાલા | જિલ્લા વિકાસ અધિકારી, ડાંગ-આહવા |
| ૨૦ | વી.કે. જાદવ | નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર (સેવાઓ યથાવત) |
| ૨૧ | ડી.કે. પટેલ | ડિરેક્ટર, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA), ગાંધીનગર |
| ૨૨ | બી.એચ. પટેલ | એમડી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર |
| ૨૩ | આઈ.આર. વાળા | મ્યુનિ. કમિશનર, જૂનાગઢ મહાનગરપાલિકા, જૂનાગઢ |
| ૨૪ | એમ.ડી. ચુડાસમા | એમડી, PGVCL, રાજકોટ |
| ૨૫ | ડો. બી.એસ. પ્રજાપતિ | એમડી, ગુજરાત સ્ટેટ રૂરલ ડેવલપમેન્ટ કોર્પો.લિ., ગાંધીનગર |
| ૨૬ | વી.જી. પટેલ | એડિ.રૂરલ ડેવલપમેન્ટ કમિ., ગ્રામ વિકાસ કમિશનર કચેરી, ગાંધીનગર |
| ૨૭ | એ.કે. વસ્તાણી | ડિરેક્ટર ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ, ગાંધીનગર |
| ૨૮ | પી.બી. રાઠોડ | ડિરેક્ટર, સ્કિલ ડેવલપમેન્ટ, ગાંધીનગર |

**અભ્યાસમાં ખુલાસો : શરદી, ખાંસી, મેલેરિયા નહીં 18% યુવાનોને થયો 'સાયબરકોન્ડ્રિયા'**

# ઈન્ટરનેટ સર્ચથી દર પાંચમો યુવાન બીમારીનો શિકાર બની રહ્યો છે


- દેશમાં 92% લોકો દરરોજ ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે
- 61% લોકો દરરોજ 4 કલાકથી વધુ સમય ઓનલાઈન રહે છે
- 70% લોકો રાત્રે પણ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે

**રિપોર્ટ અનુસાર : 53% લોકોને ઓનલાઈન કર્યા પછી ચિંતા, તણાવ અથવા આર્થિક નુકસાન થયું છે**



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

માથું દુખે નહીં કે આપણે અવારનવાર ગૂગલ અથવા AI પર સર્ચ કરવા લાગીએ છીએ- 'માથાના દુખાવાના કારણો'. કેટલાક લોકો આ વિશે વધુ પડતું સર્ચ કરવા અને ઊંડાણપૂર્વક વાંચવા લાગ્યા છે, જેનાથી તેમના મનમાં શંકા ઊભી થાય છે કે તેમને કોઈ મોટી બીમારી તો નથી થઈ ને? આ આદત સાયબરકોન્ડ્રિયા બની ચૂકી છે. નાગપુરની સરકારી મેડિકલ કોલેજના કમ્યુનિટી મેડિસિન વિભાગના તબીબોએ અભ્યાસમાં જણાવ્યું કે 'સાયબરકોન્ડ્રિયા' દર પાંચમા યુવાનને જકડી ચૂક્યો છે. કોવિડ પછી આ સમસ્યા વધી છે. રિપોર્ટ અનુસાર ૫૩% લોકોને ઓનલાઇન સર્ચ કર્યા પછી ચિંતા, તણાવ અથવા આર્થિક નુકસાન થયું. ૬૦% લોકોએ સર્ચ કર્યા પછી મળેલી માહિતીના આધારે ડૉક્ટરની સલાહ



લીધી. ખબર પડી કે તેમને એ સમસ્યા હતી જ નહીં, જેના માટે તેઓ હોસ્પિટલ આવ્યા હતા. અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે આનાથી ભ્રામક માહિતી ફેલાઈ રહી છે. યુવાનોમાં ચિંતા વધવા અને બિનજરૂરી તબીબી સારવાર લેવાના જોખમો વધી રહ્યા છે. ડૉક્ટરોએ જણાવ્યું કે નેટ પર સ્વાસ્થ્ય સંબંધિત માહિતી મેળવવી ખોટું નથી, પરંતુ વધુ પડતું સર્ચ કરવું નુકસાનકારક હોઈ શકે છે. બીમારીઓ અથવા લક્ષણો વિશે માહિતી માટે ભરોસાપાત્ર વેબસાઇટ્સ જેવી કે સ્વાસ્થ્ય મંત્રાલય, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અને મુખ્ય તબીબી સંસ્થાઓ પર જ વિશ્વાસ કરવો જોઈએ. દરેક નાની સમસ્યા પર ગૂગલ કે એઆઈને ડૉક્ટર ન બનાવો. ઈન્ટરનેટ મિત્ર હોઈ શકે છે, ડૉક્ટર નહીં.

## આ કારણે વધી રહી છે સમસ્યા?

યુવાનો દરેક નાની સમસ્યા વિશે ગૂગલ પર સર્ચ કરી રહ્યા છે. દેશમાં ૯૨ ટકા લોકો દરરોજ ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે, ૬૧ ટકા લોકો દરરોજ ૪ કલાકથી વધુ સમય ઓનલાઈન રહે છે. ૭૦ ટકા રાત્રે પણ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. આ સમયગાળા દરમિયાન બીમારીઓ વિશે વાંચવા માટે ઘણો સમય મળી રહે છે.

## નાની ઉંમર, વધુ અસર

લગભગ ૧૮.૫% યુવાનોમાં સાયબરકોન્ડ્રિયા જોવા મળ્યો. ૭૦% યુવાનો ૧૮ થી ૩૦ વર્ષની વયના હતા, એટલે કે ઉંમર જેટલી નાની, અસર એટલી જ વધારે. જેઓ દરરોજ AIનો ઉપયોગ કરે છે, લાંબા સમયથી ઈન્ટરનેટ પર બીમારીઓ વિશે વાંચી રહ્યા છે અને પોતે અથવા કોઈ નજીકની વ્યક્તિ પહેલેથી જ કોઈ બીમારીથી પીડિત છે, તેમનામાં આ સમસ્યા વધુ જોવા મળે છે.

## સતત વ્યક્ત થઈ રહી છે ચિંતા

- ૨૦૨૪માં ઈન્ડિયન જર્નલ ઓફ સાયકિયાટ્રીએ જણાવ્યું કે ૪.૪% કેસોમાં હાઇ-સિવિયર સાયબરકોન્ડ્રિયા જોવા મળી રહ્યો છે.
- ૨૦૨૫માં આવેલી રિપોર્ટ 'ભારતીય વયસ્કોમાં સાયબરકોન્ડ્રિયા' મુજબ સ્માર્ટફોનની લતના કારણે સાયબરકોન્ડ્રિયા વધી રહ્યો છે.
- ૨૦૨૫માં ઈન્ડિયન જર્નલ ઓફ સાયકિયાટ્રીએ ફરી જણાવ્યું કે દેશમાં વયસ્કોની વસતીનો ૭.૯% હિસ્સો હાઇ થી મોડરેટ સાયબરકોન્ડ્રિયાની ઝપેટમાં છે.
- દક્ષિણ ભારતમાં આઈટી પ્રોફેશનલ્સમાંથી ૫૫% અને ઉત્તર પ્રદેશમાં ૪૫% યુવાનોને બીમારીઓ વિશે ઈન્ટરનેટ પર સર્ચ કરીને ચિંતા કરનારા ગણાવાયા છે.

# સોનાની રમત અજીબ; કોઈ હસે, કોઈ રડે!

## વિશ્વભરના એક્સપોર્ટની ચેતવણી

## શું સોનાના ભાવમાં 35%નો ઘટાડો થશે?




## જાન્યુઆરીમાં ઓલ ટાઈમ હાઈ પછી સોનું 25%થી વધુ ગગડી ચૂક્યું છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સોનાને લઈને અનેક પ્રકારની વાતો ચાલી રહી છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ વધુ ઘેરું બની રહ્યું છે. સંકટના સમયે લોકો સોનામાં રોકાણ કરે છે. પરંતુ હાલ સોનાની કિંમતોમાં દબાણ જોવા મળી રહ્યું છે. સોનાનો ભાવ આ જ વર્ષે જાન્યુઆરીમાં ૧.૯૧ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી ગયો હતો, જે ઓલ ટાઇમ હાઈ છે. જાન્યુઆરીમાં ઓલ ટાઇમ હાઈ પછી સોનું ૨૫% થી વધુ ગગડી ચૂક્યું છે. હાલ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧.૪૧ લાખ રૂપિયાની આસપાસ છે. આ દરમિયાન સોનાને લઈને તમામ નિષ્ણાતો બુલિશ નથી.

CoinCodex જેવા કેટલાક ટેક-ઈન્ડિકેટર્સે આંતરરાષ્ટ્રીય બજારમાં આ વર્ષના અંત સુધીમાં સોનું $૨,૭૮૦ના સ્તર સુધી એટલે કે જાન્યુઆરીના હાઇથી લગભગ ૫૦% નીચે જવાની આશંકા વ્યક્ત કરી છે. પરંતુ મોટા નિષ્ણાતો ખાસ કરીને Goldman Sachs અને J.P. Morganનું કહેવું છે કે સોનું $૩,૮૦૦ થી $૪,000ના મજબૂત સપોર્ટ ઝોનની આસપાસ જ ટકી રહેશે અને સંપૂર્ણપણે ક્રેશ નહીં થાય.

સોનામાં ૫૦ ટકા સુધીના ઘટાડા પાછળ નિષ્ણાતો ૧૯૮૦ અને વર્ષ ૨૦૧૨-૧૩નો હવાલો આપી રહ્યા છે, જોકે ઇતિહાસ જોઈએ તો ઓલ-ટાઇમ હાઇ પર પહોંચ્યા પછી ફક્ત એક જ વાર સોનાની કિંમતમાં ૫૦% કે તેથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. જોકે ૨૦% થી ૩૦% સુધી ભાવ ઘણી વખત ઘટ્યા છે.

અમેરિકી ફેડરલ રિઝર્વે મોંઘવારી પર કાબૂ મેળવવા માટે વ્યાજ દરોને આક્રમક રીતે વધારીને લગભગ ૨૦% કરી દીધા, પછી સોનાની ચમક ઝાંખી પડવા લાગી. ૧૯૮૨-૧૯૮૫ આવતા-આવતા સોનાના ભાવ ઘટીને $300 થી $350 પ્રતિ ઔંસની વચ્ચે આવી ગયા. આ ઓલ-ટાઇમ હાઇથી ૬૦% થી વધુનો ઘટાડો હતો. વર્ષ ૨૦૦૮ ની વૈશ્વિક આર્થિક મંદી પછી, સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માગમાં ઘણો વધારો થયો. સપ્ટેમ્બર ૨૦૧૧ માં સોનું $૧,૯૨૦ પ્રતિ ઔંસના તત્કાલીન રેકોર્ડ સ્તરે પહોંચી ગયું હતું. મંદી પછી, જેમ જેમ અમેરિકી અને વૈશ્વિક અર્થતંત્ર પાટા પર પાછા ફરવા લાગ્યા, રોકાણકારોએ સોનામાંથી પૈસા કાઢીને શેરબજારમાં રોકવાનું શરૂ કર્યું. ત્યારબાદ ડિસેમ્બર ૨૦૧૫ સુધીમાં સોનું ઘટીને $૧,૦૫૦ પ્રતિ ઔંસના નીચલા સ્તરે આવી ગયું, જે તેના ઓલ ટાઇમ હાઇથી લગભગ ૪૫% નો ઘટાડો હતો.

**ભારતમાં બજારમાં ઘટાડો 15 થી 20% જ થઈ શકે છે**




## સુરતની કેનેરા બેંકની ઘટના

## હવે બેંક લોકર પણ સુરક્ષિત નથી; અસલી સોનું નકલી થયું




- લોકરમાં 45 લાખના 3 ગોલ્ડ બિસ્કિટ બદલાઈ ગયા
- 300 ગ્રામના બિસ્કીટમાંથી માત્ર 56 જ ગોલ્ડ નિકળ્યું

**સિટી ન્યૂઝ@સુરત**

સુરતમાં રહેતા અને દવાના ઉત્પાદકે કેનરા બેંકના લોકરમાં રાખેલા ૧૦૦-૧૦૦ ગ્રામના કુલ ૪૫ લાખની કિંમતના ૩ બિસ્કિટ બદલાઈ ગયા હોવાની ફરિયાદ નોંધાવી છે. બેંક લોકરમાંથી ગોલ્ડ બિસ્કિટ ઘરે લાવ્યા બાદ વેપારીને શંકા જતા જ્વેલર્સને ત્યાં તપાસ કરાવી હતી. વેપારીનો દાવો છે કે, જે ૩ બિસ્કિટનું કુલ વજન 300 ગ્રામ હતું તેમાં માત્ર ૬૫ ગ્રામ જ ગોલ્ડ મળ્યું છે. જ્યારે ૨૩૫ ગ્રામ અન્ય ધાતુ હોવાનો દાવો કરાયો છે. રીનમભાઈએ જણાવ્યું છે કે, અગાઉ વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી માસમાં તેઓએ લોકરમાંથી સોનાના છ સેટ, હીરાના ત્રણ સેટ, આઠ સોનાની બંગડીઓ, ત્રણ સોનાના બિસ્કિટ અને એક કિલો ચાંદીની ઈંટ સહિતનો તમામ સામાન બહાર કાઢ્યો હતો. તે સમયે તમામ દાગીના અને સોનાના બિસ્કિટ એકદમ સાચી અને મૂળ સ્થિતિમાં હતા. એટલે કે, જાન્યુઆરી ૨૦૨૫ સુધી લોકરમાં કોઈ છેડછાડ થઈ ન હોવાનું મનાઈ રહ્યું છે. પરંતુ તેના બરાબર એક વર્ષ બાદ જ્યારે ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ફરીથી લોકર ઓપરેટ કરવામાં આવ્યું અને બધો સામાન ઘરે લઈ જવામાં આવ્યો ત્યારે જ આ ચોરી પકડાઈ હતી. જે દર્શાવે છે કે આ ૧૨ મહિનાની અંદર જ બિસ્કિટ અજાણ્યા શખ્સે ખેલ પાડી દીધો હોવાની આશંકા છે. આ સમગ્ર મામલો ત્યારે સામે આવ્યો જ્યારે ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરે દોઢ વાગ્યે રીનમભાઈ અને તેમના પત્ની દીપાબેન બેંકના લોકર નંબર ૧૮૧માંથી પોતાનો તમામ કિંમતી સામાન કાઢીને ઘરે લાવ્યા હતા. ઘરે લાવીને જ્યારે બિસ્કિટની તપાસ કરવામાં આવી ત્યારે શંકા ઉપજતા તેમણે સિટી લાઈટ રોડ પર આવેલા સુપ્રસિદ્ધ 'વિરચંદ ગોવિંદજી જ્વેલર્સ' ખાતે તેની ખરાઈ કરાવી હતી. જ્વેલર્સની તપાસમાં સામે આવ્યું કે, જે બિસ્કિટ અગાઉ ૧૦૦ ગ્રામના શુદ્ધ સોનાના હતા, તેમાં હવે માત્ર ૩૦ ટકા જ સોનું રહ્યું છે.




## રિવાજોનો રંગ; પરંપરાઓ હજુ જીવંત મોનસુન માટે દેશભરમાં દેશી ટ્રિક્સ

# વરસાદને મનાવવા અનોખા ‘ટોટકા’

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારતમાં ચોમાસું માત્ર હવામાન બદલાવાની ઋતુ નથી, પરંતુ તે દેશની ખેતી, અર્થવ્યવસ્થા અને સામાન્ય જનજીવનની આશાઓનો આધારસ્તંભ છે. જ્યારે મેઘરાજા મહેર કરવામાં વિલંબ કરે છે અથવા લાંબા સમય સુધી દુષ્કાળ જેવી સ્થિતિ નિર્માણ પામે છે, ત્યારે ભારતીય સમાજ વિજ્ઞાનની સાથે સાથે આસ્થા, લોકવાયકાઓ અને વર્ષો જૂની પરંપરાઓનો સહારો લે છે.દેશના અલગ-અલગ ભાગોમાં વરસાદને આમંત્રણ આપવા માટે આજે પણ એવી અનોખી અને રસપ્રદ વિધિઓ નિભાવવામાં આવે છે, જેને જાણીને ભલભલાને આશ્ચર્ય થાય. આધુનિક અને ટેકનોલોજીના યુગમાં પણ આ પરંપરાઓ લુપ્ત થઈ નથી, કારણ કે સમાજશાસ્ત્રીઓના મતે આ વિધિઓ લોકોને મુશ્કેલ સમયમાં એક માનસિક આધાર અને સામાજિક એકતાનો અહેસાસ કરાવે છે. આ પરંપરાઓનો સૌથી રસપ્રદ વળાંક ત્યારે જોવા મળે છે જ્યારે અતિવૃષ્ટિ થાય છે. મહારાષ્ટ્ર, યુપી અને અસમ સહિતના વિસ્તારોમાં એવી માન્યતા છે કે જ્યારે બહુ વધારે વરસાદ પડે અને રોકાવાનું નામ ન લે, ત્યારે લોકો અગાઉ પરણાવેલા દેડકા-દેડકીના વિધિવત છૂટાછેડા (ડાઈવોર્સ) પણ કરાવી દે છે, જેથી મેઘરાજા શાંત થઈ જાય અને વરસાદ બંધ થઈ જાય! આવી વિવિધતાઓ જ ભારતની સાચી સાંસ્કૃતિક ઓળખ છે, જ્યાં પ્રકૃતિ અને માનવજીવન એકબીજા સાથે અતૂટ શ્રદ્ધાથી જોડાયેલા છે.

**વરસાદ ન રોકાય તો દેડકા-દેડકીના છૂટાછેડા!**

# ક્યાં રાજ્યમાં શું પ્રથાઓ

## ગુજરાત

### કુવામાં રોટલો પધરાવવામાં આવે છે

વરસાદ ખેંચાય ત્યારે વરુણ દેવને પ્રસન્ન કરવા ગામના કૂવામાં બાજરી કે જુવારનો રોટલો પધરાવવાની પ્રથા આજે પણ જોવા મળે છે. ઉપરાંત, સદીઓથી ગુજરાતના ખેડૂતો ટીટોડી પક્ષીના વર્તન અને ઈંડાની દિશા પરથી ચોમાસાનું સચોટ અનુમાન લગાવતા આવ્યા છે.

## ઉત્તર પ્રદેશ

### કાદવ સ્નાન કરવું અને રાત્રે હળ ચલાવવું

દુષ્કાળ પડે ત્યારે ઈન્દ્રદેવને રીઝવવા મહિલાઓ મધ્યરાત્રિએ ખેતરમાં હળ ચલાવે છે. અમુક વિસ્તારોમાં લોકોને કાદવથી નવડાવવામાં આવે છે અથવા બાળકોને ગળા સુધી કાદવમાં દાટવાની પ્રથા પણ છે.

## બિહાર

### ઈન્દ્રદેવની પૂજા અને દેડકાના લગ્ન કરાવવા

બિહારમાં વરસાદ માટે મુખ્યત્વે ભગવાન ઈન્દ્રની વિશેષ પૂજા–અર્ચના કરવામાં આવે છે. આ ઉપરાંત, વરસાદ ખેંચાય ત્યારે દેડકા અને દેડકીના લગ્ન કરાવવાની પરંપરા અહીં ખૂબ પ્રચલિત છે. લોકો માને છે કે દેડકા અને વરસાદ વચ્ચે ઊંડો સંબંધ છે.

## મધ્ય પ્રદેશ

### ગધેડાની બારાત અને ગુલાબજાંબુની મિજબાની

ઈન્દોર અને આસપાસના વિસ્તારોમાં વરરાજાને ઘોડાના બદલે ગધેડા પર બેસાડી સરઘસ કાઢવામાં આવે છે. કેટલાક ગામોમાં તો ગધેડાને ગુલાબજાંબુ ખવડાવવાની કે એક વ્યક્તિને ગધેડા પર બેસાડી શ્મશાનમાં પ્રતીકાત્મક વાવણી કરવાની પ્રથા છે.

## રાજસ્થાન

### બાળકો દ્વારા લીમડાના પાનનો શણગાર

રણપ્રદેશ રાજસ્થાનમાં વરસાદનું મૂલ્ય સૌથી વધુ છે. અહીંના ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો પોતાના શરીર પર લીમડાના પાંદડા લપેટીને ઘર–ઘર જાય છે અને મેઘરાજાને રિઝવવા માટે પરંપરાગત વરસાદના લોકગીતો ગાય છે.

## આસામ

### મંત્રોચ્ચાર સાથે દેડકાના લગ્ન કરાવવા

આસામના લીલાછમ વિસ્તારોમાં પણ જ્યારે વરસાદ રૂઠે છે, ત્યારે વરસાદ માટે દેડકા–દેડકીના લગ્ન કરાવવામાં આવે છે, પરંતુ અહીં આ લગ્ન સંપૂર્ણપણે વૈદિક મંત્રોચ્ચાર, બારાત અને ભોજન સમારંભ સાથે એકદમ માણસોના લગ્નની જેમ જ ધામધૂમથી કરવામાં આવે છે.

## ઓડિશા

### ‘બેંગી નાની નાચા’ લોક પરંપરા

ઓડિશાના પૂર્વ ભાગોમાં ખેડૂતો વચ્ચે ’બેંગી નાની નાચા’ નામની લોક પરંપરા પ્રખ્યાત છે. આ વિધિમાં એક દેડકાને પકડીને અડધા પાણી ભરેલા માટીના માટલામાં રાખવામાં આવે છે. ત્યારબાદ ઢોલ–નગારા અને લોકગીતો સાથે આખા ગામમાં તેનું સરઘસ કાઢવામાં આવે છે અને પ્રાર્થના કરાય છે.

### ગ્લોબલ વેલ્થ ઈન્ડેક્સ 2026ના આંકડા જાહેર

# તિરૂપતિ બાલાજી મંદિર 3.38 લાખ કરોડની સંપત્તિ; વિશ્વનું ત્રીજુ સૌથી ધનિક ધાર્મિક સ્થળ



## IMF અને વિશ્વ બેંકના આંકડા અનુસાર તિરૂપતિ મંદિર જેની સંપત્તિ 100 દેશોની GDPથી વધુ

## તિરૂપતિ મંદિરનું 11 ટન સોનું દેશની વિવિધ બેંકોમાં જમા છે

## આ મંદિરમાં દર વર્ષે 650 કરોડ રૂપિયાનું દાન આવે છે

## તિરૂપતિ મંદિરની અનેક બેંકમાં ફિક્સ ડિપોઝિટ 1400 કરોડનું સેવિંગ છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારતના જો ૧૦ સૌથી વધુ અમીર મંદિરોની વાત કરીએ તો આ ટોપ ટેન મંદિરોની સંયુક્ત સંપત્તિ ૯ લાખ કરોડથી વધુ છે. ગ્લોબલ વેલ્થ ઈન્ડેક્સ ૨૦૨૬ અનુસાર તિરુપતિ બાલાજી મંદિર ૩.૩૮ લાખ કરોડ ની ચલ અચલ સંપત્તિ સાથે દુનિયાનું ત્રીજુ સૌથી અમીર ધર્મસ્થળ છે.

**તિરુપતિ બાલાજી :** તિરુપતિ બાલાજી મંદિરની સંપત્તિ છેલ્લા બે વર્ષમાં ૨૦૨૪ પછી ૩૫% વધી છે. જેનુ મુખ્ય કારણ સોનાની કિમતોમાં થયેલો વધારો છે. એ સમય સોનાના ભાવ લગભગ ૬૫ હજાર પ્રતિ ૧૦ ગ્રામ હતા જે હવે વધીને દોઢ લાગે પહોંચી ગયા છે. તિરુપતિ મંદિરની આવકનો એક મોટો હિસ્સો એ ૧૧ ટન સોના પર મળનારા વ્યાજ માંથી આવે છે. જે દેશની વિવિધ બેંકોમાં જમા છે.

**પદ્મનાભ સ્વામી મંદિર :** પદ્મનાભ સ્વામી મંદિર પાસે પણ કરોડો રૂપિયાની સંપત્તિ છે. જ્યારે આ મંદિરના ખજાનાને ખોલવામાં આવ્યો તો તેમા અત્યંત કિમતી હિરા-જવેરાત, સોનાની મૂર્તિઓ નીકળી હતી. આ મંદિરના ગર્ભગૃહમાં ભગવાન વિષ્ણુની અત્યંત મોટી સોનાની મૂર્તિ છે. જેની કિંમત ૫૦૦ કરોડ થી પણ વધુ છે. હાલના વધેલા સોનાના ભાવને જોતા તેની કિંમત ૮૦૦ કરોડ હોઈ શકે છે.

**જગન્નાથ મંદિર :** ભારતના સૌથી અમીર મંદિરોમાં જગન્નાથ પુરી મંદિરનું નામ જરૂર આવે છે. ડેટા અનુસાર પુરી સ્થિત જગન્નાથ મંદિર પાસે ૬૦ હજાર એકર થી વધુ જમીન છે. આ જમીન ઓડિસાના ૩0માંથી ૨૪ જિલ્લામાં આવેલી છે. ૬ રાજ્યોમાં પણ મંદિરની ૩૯૫ એકર જમીન આવેલી છે. મંદિરમાં રહેલો ખજાનો, જમીન અને અન્ય ચલ-અચલ સંપત્તિનુ મૂલ્ય ૧.૨ લાખ કરોડ જેટલી છે.

**વૈષ્ણૌદેવી મંદિર :** હિંદુ ધર્મમાં વૈષ્ણૌદેવી માતાના દર્શનનું વિશેષ મહત્વ છે. દર વર્ષે આ મંદિરને ૫૦૦ કરોડ થી વધુનું દાન મળે છે. આ મંદિરના જવાનો રસ્તો જમ્મુથી કટરા તરફનો છે. કટરાથી યાત્રિકોને પગપાળા ચાલીને માતાના મંદિર સુધી જવાનું રહે છે. આ માર્ગમાં વચ્ચે અર્ધકુમારીનું પણ મંદિર આવે છે. જ્યાંની ગુફાનું વિશેષ મહત્વ છે.

**શિરડી સાઈ બાબા મંદિર :** મહારાષ્ટ્રના શિરડી સ્થિત સાઈ બાબા મંદિરે દુનિયાભરમાંથી લોકો દર્શનાર્થે આવે છે. આ મંદિરના બેંક ખાતામાં ૩૮૦ કિલો સોનુ અને ૪૪૨૮ કિલો ચાંદી જમા છે. આ મંદિરમાં ડૉલર અને પાઉન્ડમાં ધનરાશિનું દાન પણ આવે છે. આ મંદિર પાસે ૨૦૦૦ કરોડ રૂપિયા જમા છે. આ મંદિરને સોનાનું દાન પણ કિલો માં મળે છે. દર વર્ષે મંદિરને ૩૫૦ કરોડનું દાન મળે છે.



### દેશના કરોડપતિ મંદિર ?

| | |
|---|---|
| તિરૂપતિ બાલાજી મંદિર | ૩.૩૮ લાખ કરોડની સંપત્તિ |
| જગન્નાથ મંદિર પૂરી | ૧.૨ લાખ કરોડની સંપત્તિ |
| વૈષ્ણૌદેવી મંદિર | દર વર્ષે ૫૦૦ કરોડનું દાન મળે છે |
| શિરડી સાંઇબાબા | મંદિરના બેંક ખાતામાં ૩૮૦ કિલો સોનું ૪૪૨૮ કિલો ચાંદી જમા ૨૦૦૦ કરોડ રૂપિયા જમા છે વર્ષે ૩૫૦ કરોડનું દાન મળે |
| સિધ્ધિવિનાયક મુંબઈ | વર્ષે ૧૨૫ કરોડનું દાન આવે છે મંદિરને ૩.૭ કિલોગ્રામ સોનાથી મઢવામાં આવ્યું છે |



મધ્યપ્રદેશ-રાજસ્થાનમાં ચોમાસું ફરી સક્રિય

# કાશ્મીરમાં પૂરથી 24નાં મોત

## ગુવાહાટીમાં ભૂસ્ખલન, આસામમાં પૂરથી 1.7 લાખ લોકો પ્રભાવિત





**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરમાં સતત વરસાદને કારણે સ્થિતિ ગંભીર બની રહી છે. છેલ્લા બે દિવસમાં પૂરથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૨૩ થઈ ગઈ છે. પૂંછ અને રાજૌરીના પૂરગ્રસ્ત વિસ્તારોમાં સાત લોકો હજુ પણ ગુમ છે. સતત વરસાદને કારણે રાહત અને બચાવ અભિયાન પ્રભાવિત થયું.

સોમવારે ભારે વરસાદ બાદ આસામના ગુવાહાટીમાં ભૂસ્ખલન થયું. ત્યારબાદ નેશનલ હાઈવે ૭૧૫નો એક ભાગ પાણીમાં ડૂબી ગયો છે. આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ જણાવ્યું કે રાજ્યના ૧૨ જિલ્લામાં ૧.૭૦ લાખથી વધુ લોકો પ્રભાવિત છે.


એમપીના લગભગ ૯૦% વિસ્તારમાં આગામી ૪ દિવસ એટલે કે, ૨૩ જુલાઈ સુધી હળવા વરસાદનો દોર ચાલુ રહેશે. રાજસ્થાનમાં બે અઠવાડિયા પછી ચોમાસું ફરી સક્રિય થતાં જયપુર સહિત ૩૩ જિલ્લામાં વરસાદનું એલર્ટ છે. જમ્મુ-કાશ્મીરમાં સતત વરસાદ અને ખરાબ હવામાનને કારણે બાલતાલ અને પહેલગામ - બંને માર્ગો પર અમરનાથ યાત્રા સતત ત્રીજા દિવસે સ્થગિત રહી હતી.

કાટમાળથી સુરંગ બંધ : રેસ્ક્યૂ કરવા ગયેલા કેટલાક વર્કર્સ બેભાન

# સિક્કિમમાં ટનલ પર લેન્ડસાઈડ 10 મજૂરોનાં મોત; 18 હજુ ફસાયેલા





**સિટી ન્યૂઝ@ગંગટોક**

સિક્કિમમાં સોમવારે એક ટનલ પર ભૂસ્ખલન થતાં તેનો એન્ટ્રી ગેટ બંધ થઈ ગયો, જેના કારણે અંદર હાજર ૨૭ મજૂરો ફસાઈ ગયા. તેમાંથી ૭ મજૂરોનાં મોત થયા. જ્યારે ૨૦ મજૂરો હજુ પણ ફસાયેલા છે.

નામચી જિલ્લાના મામરિંગમાં આવેલી સમરદુંગ સુરંગમાં નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું. જિલ્લા કલેક્ટર અનુપા તામલિંગે જણાવ્યું કે સુરંગમાં ફસાયેલા મજૂરોની સાચી સંખ્યા ૨૭ થી ઓછી કે વધુ પણ હોઈ શકે છે.

સુરંગની અંદર ગેસ હોવાને કારણે રાહત અને બચાવ કાર્યમાં ઘણી મુશ્કેલીઓ આવી રહી છે. ઘણા બચાવકર્મીઓને અંદર જતી વખતે ચક્કર આવ્યા અને કેટલાક બેભાન પણ થઈ ગયા, જેના કારણે બચાવ કામગીરી પ્રભાવિત થઈ.

જિલ્લા અધિકારી તમલિંગે જણાવ્યું કે બપોરે લગભગ ૩:૪૦ વાગ્યે પ્રશાસનને દુર્ઘટનાની જાણ થઈ, ત્યારબાદ NDRF, SDRF, જિલ્લા પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ.


સુરંગમાં પટેલ એન્જિનિયરિંગના ૨૧ અને NHPCના ૬ સહિત કુલ ૨૭ મજૂરો ફસાયા હોવાની આશંકા છે. પશ્ચિમ બંગાળથી પણ ગેસ-પ્રતિરોધક ઉપકરણો સાથે એક સ્પેશિયલ રેસ્ક્યુ ટીમ લાવવામાં આવી છે.

ગુજરાતના દાહોદ જિલ્લાની ઘટના

# પત્ની માટે પુત્રએ પિતાની હત્યા કરી નાંખી

**સિટી ન્યૂઝ@દાહોદ**

જિલ્લાના ફતેપુરા તાલુકામાં આવેલા કરમેલ ગામમાંથી લોહીના સંબંધોને શરમાવે તેવી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. કરમેલ ગામના નિશાળ ફળિયામાં કૌટુંબિક અને પારિવારિક વિવાદમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એક પુત્રે પોતાના જ જન્મદાતા પિતાની લાકડાના ફટકા મારીને નિર્મમ હત્યા કરી દીધી છે. કૌટુંબિક વિવાદમાં ઘટેલી આ ભયાનક ઘટનાના કારણે સમગ્ર કરમેલ ગામમાં શોક અને અરેરાટીનો માહોલ છવાઈ ગયો છે. ઘટનાની વિગત એવી છે કે, કરમેલ ગામના નિશાળ ફળિયામાં રહેતા ૭૦ વર્ષીય વાલાભાઈ રૂપાભાઈ પારધી અને તેમના પુત્ર બાબુભાઈ પારધી વચ્ચે ઘરની બાબતે અવારનવાર બબાલ થતી હતી. બાબુભાઈ પોતાની પત્ની ઘરેથી જતી રહી હોવાથી પિતા પર આક્રોશ રાખી રહ્યો હતો. તેણે પિતા વાલાભાઈ સાથે વિવાદ કરતા જણાવ્યું હતું કે, "તમારા લીધે જ મારી પત્નીને ઘરેથી કાઢી મૂકી છે અને તે પાછી આવતી નથી." આ મુદ્દે પિતા-પુત્ર વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી, જે



જોતજોતામાં ખૂબ જ ઉગ્ર બની ગઈ હતી. બનાવ સમયે ઉગ્ર બોલાચાલી અને ગુસ્સાના આવેશમાં આવીને પુત્ર બાબુભાઈ પારધીએ લાકડાનો જાડો ફટકો ઉપાડીને ૭૦ વર્ષીય વૃદ્ધ પિતા વાલાભાઈના માથાના ભાગે જીવલેણ રીતે ઝીંકી દીધો હતો. માથામાં ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે વાલાભાઈ રક્તરંજીત થઈને ઢળી પડ્યા હતા. ઘટના બાદ પરિવારજનો અને આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને સારવાર અર્થે ખસેડાય તે પહેલાં જ વાલાભાઈ પારધીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

## પ્રેમ કથાનો કરૂણ અંત
# પ્રેમિકાએ પ્રેમીની હત્યા કરી લાશ કોથળામાં નાંખીને બાથરૂમમાં મૂકી નળ ચાલુ કરી ફરાર



**સિટી ન્યૂઝ@મુંબઈ**

કલ્યાણ-ઈસ્ટના માનપાડા વિસ્તારમાં નીલકંઠ સોસાયટીમાં એક યુવતીએ પોતાના જ પ્રેમીની ધારદાર હથિયારના ઘા ઝીંકીને હત્યા કરી હતી. આ ગુનાની સૌથી ભયાનક બાબત એ છે કે આરોપી પ્રેમિકાએ હત્યાના પુરાવા નષ્ટ કરવા માટે ફિલ્મી સ્ટાઈલ અપનાવી હતી. તેણે પ્રેમીની લાશને એક મોટા કોથળામાં ભરીને બાથરૂમમાં મૂકી દીધી હતી અને લાશ વહેલી સડી જાય તથા લોહીના ડાઘ ધોવાઈ જાય એ હેતુથી એના પર પાણીનો નળ ચાલુ રાખી દીધો હતો.

આ મામલે ગઈ કાલે માનપાડા પોલીસે હત્યાની ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે તેમ જ મરનાર યુવાન કોણ છે અને પ્રેમિકાનું શું નામ છે એ જાણવા ઉપરાંત આરોપી યુવતીને પકડવા માટે વધુ તપાસ શરૂ કરી છે.

માનપાડા પોલીસ-સ્ટેશનના એક સિનિયર અધિકારીએ 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'આ કેસમાં એક મોટો અને નાટકીય ખુલાસો થયો છે. હત્યાકાંડને અંજામ આપ્યા બાદ આરોપી યુવતી ઘટનાસ્થળેથી ભાગી છૂટી હતી અને સીધી કલકત્તા પહોંચી ગઈ હતી. ત્યાં પહોંચ્યા બાદ તેણે ઘરમાલિકને એક વૉઇસ-મેસેજ મોકલ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે ફ્લૅટના બાથરૂમમાં એક લાશ પડી છે અને ત્યાં પાણીનો નળ ચાલુ રાખેલો છે. આ મેસેજ સાંભળતાં જ ઘરમાલિકના હોશ ઊડી ગયા હતા અને તેણે તાત્કાલિક અમને જાણ કરી હતી. બીજી તરફ બંધ ફ્લૅટમાંથી છેલ્લા બે-ત્રણ દિવસથી અસહ્ય દુર્ગંધ આવી રહી હોવાથી સોસાયટીના રહેવાસીઓને પણ શંકા ગઈ હતી. આ ઘટનાની માહિતી મળતાં જ અમારી ટીમે ઘટનાસ્થળે પહોંચી બહારથી લૉક મારેલા ફ્લૅટનો દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. અમારા અધિકારીઓ ફ્લૅટની તલાશી લઈ રહ્યા હતા ત્યારે બાથરૂમમાંથી એક મોટો કોથળો મળી આવ્યો હતો, જે ખોલતાં એમાંથી અંદાજે ૪૦ વર્ષના એક પુરુષની સંપૂર્ણ સડી ગયેલી હાલતમાં લાશ મળી આવી હતી. પ્રાથમિક તપાસ મુજબ યુવકના માથા પર ધારદાર હથિયાર વડે હુમલો કરીને તેને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો. હાલ અમે હત્યા અને પુરાવા નષ્ટ કરવાનો ગુનો નોંધીને ફૉરેન્સિક ટીમની મદદથી પુરાવા એકઠા કર્યા છે તેમ જ વૉન્ટેડ બનેલી આરોપી યુવતીને ઝડપી પાડવા માટે અમારી એક ટીમ કલકત્તા રવાના થઈ છે.





## માનવતા મરી પડી
# પતિને કેન્સર થતાં પત્નીએ છૂટાછેડા વગર જ બીજા લગ્ન કર્યાં

**સિટી ન્યૂઝ@રતલામ**

પીડિત પતિ આકાશના જણાવ્યા અનુસાર, તેની અને સાક્ષીની મુલાકાત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ (Instagram) પર થઈ હતી. બંને વચ્ચે મિત્રતા થઈ અને છ મહિના સુધી વાતચીત ચાલ્યા બાદ બંને એકબીજાના પ્રેમમાં પડ્યા હતા. ૨૦ નવેમ્બર ૨૦૨૨ના રોજ બંનેએ પરિવારને જણાવ્યા વગર ઈન્દોરના આર્ય સમાજ મંદિરમાં ભાગીને લગ્ન કરી લીધા હતા. બાદમાં, બંને પરિવાર સહમત થતાં ૧૩ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ સમાજના રીતિ-રિવાજ અને ધામધૂમથી ફરીથી તેમના લગ્ન કરાવવામાં આવ્યા હતા.

આકાશે કોર્ટમાં કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, લગ્નજીવન બહુ સારું ચાલી રહ્યું હતું પરંતુ લગ્નના માંડ ચાર મહિના પછી તેને ગળા અને શ્વાસનળીનું ગંભીર કેન્સર (Throat Cancer) હોવાનું નિદાન થયું છે. આ ગંભીર બીમારીના સમાચાર સાંભળતાં જ પત્ની સાક્ષીનું વર્તન રાતોરાત બદલાઈ ગયું હતું. મુશ્કેલ સમયમાં પતિનો સાથ નિભાવવાને બદલે તેણે આકાશને એકલો મૂકી દીધો.

આકાશે પત્નીના ક્રૂર શબ્દોને ટાંકીને કોર્ટમાં ગંભીર આરોપ લગાવ્યો છે કે સાક્ષીએ તેને મોઢા પર કહ્યું હતું કે- તું તો કાલ સવારે મરી જઈશ, તારા ગયા પછી મારું શું થશે? હું તારી સાથે રહી શકું નહીં.

આ વિવાદ બાદ સાક્ષીએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી અને ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી પણ કરી હતી. કાયદાકીય નિયમ મુજબ જ્યાં સુધી કોર્ટ છૂટાછેડા મંજૂર ન કરે ત્યાં સુધી બીજા લગ્ન થઈ શકે નહીં. પરંતુ, કોર્ટમાં કેસ પેન્ડિંગ હોવા છતાં સાક્ષીએ ૧૦ જૂન




## પતિને જાણ બહાર લગ્ન કરતાં કોર્ટે જારી કર્યું અરેસ્ટ વોરન્ટ

૨૦૨૪ના રોજ છતરપુરના એક યુવક સાથે ગુપચુપ બીજા લગ્ન કરી લીધા હતા. આ બીજા લગ્નથી તેને એક પુત્રી પણ છે.

એપ્રિલ ૨૦૨૬ના રોજ ફેમિલી કોર્ટે સાક્ષી દ્વારા કરવામાં આવેલી છૂટાછેડાની અરજીને ફગાવી દીધી હતી. ત્યારબાદ આકાશે તેના બીજા ગેરકાયદેસર લગ્ન વિરુદ્ધ જેએમએફસી કોર્ટમાં ન્યાયિક ફરિયાદ દાખલ કરી હતી. અદાલતે પ્રાથમિક પુરાવા અને દસ્તાવેજોના આધારે આ મામલાને ગંભીર ગણીને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૮૨(૧) હેઠળ ગુનો નોંધ્યો છે.

# સિતાજી ટાઉનશિપ રોડ પર અધૂરા પેવિંગ બ્લોકથી રોગચાળાનો ખતરો





## » રોડનું લેવલ ઊંચું આવતા જૂના બ્લોક ખાડામાં ગરકાવ, મચ્છરોનો આતંક વધ્યો

## » કોર્પોરેશનના કમિશનર અને મેયર નેહલ શુક્લ સમક્ષ સ્થાનિકની ધારદાર રજૂઆત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વેસ્ટ ઝોનમાં આવતા વોર્ડ નંબર ૧૧ વિસ્તારમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. અંબિકા ટાઉનશિપ પાસેના સિતાજી ટાઉનશિપ મેઈન રોડ પર ફૂટપાથના પેવિંગ બ્લોકનું કામ અધવચ્ચે જ લટકાવી દેવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

વોર્ડ નંબર ૧૧માં સ્પીડ વેલ પાર્ટી પ્લોટ પાછળ આવેલા જય દ્વારકાધીશ ચોક વિસ્તારના રહેવાસી સવજી ફળદુએ આ મામલે મનપા કમિશનર, સિટી એન્જિનિયર, ડેપ્યુટી એન્જિનિયર અને મેયર નેહલ શુક્લને સચોટ રજૂઆત કરી તંત્રનો કાન આમળ્યો છે. રજૂઆતમાં સ્પષ્ટ જણાવાયું છે કે, સિતાજી ટાઉનશિપ મેઈન રોડની બંને બાજુ ફૂટપાથ પર નવા પેવિંગ બ્લોક લગાવવાનું કામ લાંબા સમયથી અધૂરું છોડી દેવાયું છે.

એટલું જ નહીં, તંત્રના પાપે રોડનું નવું લેવલ ઊંચું આવી જતાં લોકોના ઘરના આંગણા પાસેના જૂના પેવિંગ બ્લોક ખાડામાં ગરકાવ થઈ ગયા છે. પરિણામે હાલની ચોમાસાની સિઝનમાં અહીં સતત વરસાદી પાણી ભરાયેલા રહે છે. આ ગંદા પાણીના ખાબોચિયા મચ્છરોના ઉછેરકેન્દ્રો બની ગયા છે. વિસ્તારમાં અતિશય ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધતા ભયંકર રોગચાળો ફાટી નીકળવાની ગંભીર દહેશત ઊભી થઈ છે.

રજૂઆતકર્તા સવજી ફળદુ (મો. ૬૩૫૫૯૪૪૫૦૧) એ તંત્રને સીધી ચીમકી આપતા જણાવ્યું છે કે, જવાબદાર અધિકારીઓ તાત્કાલિક સ્થળ તપાસ કરી સર્વે કરે. જે જગ્યાએ કામ બાકી છે ત્યાં સત્વરે નવા પેવિંગ બ્લોક લગાવવામાં આવે અને ખાડામાં ગરકાવ થઈ ગયેલા જૂના બ્લોક ઊંચા લેવલ પર લેવડાવવામાં આવે. જો આ ગંભીર સમસ્યાનો સત્વરે ઉકેલ નહીં આવે અને મંત્રણા કરી યોગ્ય નિર્ણય નહીં લેવાય તો આગામી દિવસોમાં સ્થાનિકો ઉગ્ર વિરોધ કરવા મજબૂર બનશે.

ફ્લેટ વેચવાનો છે
4 BHK
1400 કારપેટ
બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ
શિવસંગમ સોસાયટી
૧૫૦ ફુટ રીંગ રોડ,રાજકોટ
ફક્ત રેસીડેન્શીયલ કંપાઉન્ડ પેક સોસાયટી
જીતુ કોઠારી : 97250 48181



# રાજકોટમાંથી ગુમ થયેલા યુવકની ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી

## ચાર બહેનોના એકના એક ભાઈના આપઘાતથી પરિવારમાં શોકઃ કારણ અકબંધ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગોંડલના ૨૬ વર્ષીય પાર્થ પિત્રોડાએ રાજકોટમાં આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. તે અગાઉ અચાનક ગુમ થઈ ગયો હતો. પણ પછી તેનો મૃતદેહ મળ્યો હતો. પરિવારની જાણ બહાર તેણે પાંચેક દિવસ પહેલા ભાડે મકાન રાખ્યું હતું અને ત્યાં ગળાફાંસો ખાઈ લીધો હતો. મૃતદેહ કોહવાયેલ હોય, બે-ત્રણ દિવસ પહેલા પગલું ભર્યાનું અનુમાન છે. પોલીસે આપઘાતનું કારણ જાણવા માટે તપાસ હાથ ધરી છે. હાલ પ્રાથમિક તબક્કે જાણવા મળેલ છે કે, તેની પત્ની રિસામણે રહે છે અને છૂટાછેડાનો કેસ પણ ચાલતો હતો.



રાજકોટમાં છેલ્લા ત્રણ વર્ષથી રહેતો અને બાંધકામ સાઈટ ઉપર સુપરવિઝનનું કામ કરતો પાર્થ ભગવાનજીભાઈ પિત્રોડા ઉ.૨૬ પાંચ દિવસ પહેલા ગુમ થઈ ગયો હોય તેવી ગુમ નોંધ રાજકોટના માલવીયાનગર પોલીસ મથકમાં નોંધાઈ હતી. પરિવાર અને પોલીસ તેની શોધખોળ કરતી હતી. પાર્થના પત્ની રિસામણે હોય અને છૂટાછેડાનો કેસ ચાલતો હતો. ગુમ થયા બાદ તેણે પરિવારની જાણ બહાર ઓમનગર સર્કલથી ૪૦ ફુટનો રોડ વળતા પટેલનગર શેરી નં.૦૭માં મકાન ભાડે રાખ્યું હતું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું કે તેણે પાંચેક દિવસ પહેલા જ આ મકાન ભાડે રાખ્યું હતું. ગઈકાલે સાંજે રાજકોટ તાલુકા પોલીસને જાણ થઈ કે, પાર્થ નામના યુવાને પોતે ભાડે રાખેલ રૂમમાં ગળાફાંસો ખાઈ લીધો છે જેથી સ્ટાફ દોડી ગયો હતો ૧૦૮ આવી જતા ઈએમટી પુનમબેન પુરોહીતએ જોઈ તપાસી પાર્થને મૃત જાહેર કર્યો હતો. રાજકોટ તાલુકા પોલીસને પાર્થની ગુમ નોંધ અંગે જાણ થતા આગળની તપાસ માલવીયા નગર પોલીસને સોંપાઈ હતી. ફાયર બિગેડની મદદથી મૃતદેહને પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. કિશન ચાર બહેનોનો એકનો એક નાનો ભાઈ હતો ચાર બહેનોએ એકનો એક ભાઈ ગુમાવતા પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

### એકને છરી મારતાં આંતરડા બહાર આવ્યા, ત્રણ સામે માલવિયા પોલીસમાં હત્યાના પ્રયાસનો ગુનો

# રાજકોટમાં બાઈક ઓવરટેક મુદ્દે ફડાકા ઝીક્યા બાદ છરીથી બે યુવાનો પર જીવલેણ હુમલો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં એક જ રાતમાં ડબલ મર્ડર બાદ વધુ એક હત્યાના પ્રયાસની ઘટના સામે આવતાં કાયદો-વ્યવસ્થાને લઈને પ્રશ્નો ઊભા થયા છે. એસ્ટ્રોન ચોક પાસે બાઈક ઓવરટેક કરવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલો વિવાદ છરી ઝીંકવા સુધી પહોંચી ગયો હતો. સમાધાનના બહાને કોટેચા ચોકમાં બન્ને પક્ષના લોકો મળ્યા હતા, જ્યાં ત્રણ શખ્સે બે યુવક પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. બંનેને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ, ઢેબર રોડ હરિઓમ સોસાયટીમાં રહેતા અમરદીપસિંહ મહેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદ મુજબ રાત્રે એસ્ટ્રોન ચોક પાસે બાદલ સોલંકી અને તેના સાથીઓએ બાઈક રોકી ફડાકા માર્યા હતા. બાદલે પોતે ક્ષત્રિય સમાજનો હોવાનું કહી સમાધાન કરાવવાની વાત કરી હતી. જોકે બાદમાં કોટેચા ચોક પાસે પહોંચતાં કેતન દવેરા અને અન્ય શખસ સાથે મળી ફરી ઝઘડો શરૂ કર્યો હતો. ફરિયાદ મુજબ કેતન દવેરાએ છરી કાઢી અમરદીપસિંહના મિત્ર રામદેવસિંહના પેટમાં ઘા મારતાં આંતરડા બહાર આવી ગયા હતા. મિત્રને બચાવવા વચ્ચે પડેલા અમરદીપસિંહને પણ હાથ અને પેટમાં છરીના ઘા મારવામાં આવ્યા હતા કુલદીપસિંહ ત્યાં પહોંચતાં ત્રણેય હુમલાખોર ફરાર થઈ ગયા હતા. પોલીસે બાદલ સોલંકી, કેતન દવેરા અને એક અજાણ્યા શખ્સ સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

# મહિલા ના.મામલતદારને છૂટાછેડા આપી દીધા બાદ પૂર્વ પતિની ધમકી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં છૂટાછેડા બાદ પૂર્વ પત્નીના નામના મોબાઈલ સિમકાર્ડને લઈને પૂર્વ પતિએ ધમકી દીધાનો બનાવ યુનિવર્સિટી પોલીસમાં નોંધાયો છે નાયબ મામલતદાર મહિલાએ પૂર્વ પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂકરી છે. રાજકોટના અયોધ્યા ચોક ઓપેરા એલિગેન્સમાં રહેતા જલ્પાબેન લલિતભાઈ પરમાર (ઉં.વ.૩૬)એ પૂર્વ પતિ પાર્થ પ્રફુલભાઈ સોલંકી સામે ગાળાગાળી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.ફરિયાદ મુજબ, જલ્પાબેન રાજકોટમાં અધિક કલેક્ટર કચેરીના સિંચાઈ વિભાગમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવે છે. નવ વર્ષ પહેલાં તેમના પાર્થ સાથે લગ્ન થયા હતા, પરંતુ છ માસ પહેલાં ફેમિલી કોર્ટમાં બંનેના ડિવોર્સ થઈ ગયા હતા. સંતાનનો કબજો જલ્પાબેન પાસે છે. ડિવોર્સ બાદ જલ્પાબેને પાર્થભાઈને તેમના નામનું એરટેલ સિમકાર્ડ પોતાના નામે ટ્રાન્સફર કરાવી લેવા અથવા બંધ કરાવી દેવા જણાવ્યું હતું સોમવારે મધરાતે આશરે ૧૨ વાગ્યે પાર્થ રાધાપાર્ક મેઈન રોડ પર આવેલા જલ્પાબેનના ઘરે પહોંચી સિમકાર્ડ કેમ બંધ કરાવ્યું તે મુદ્દે બોલાચાલી કરવા લાગ્યા હતા. દરમિયાન જલ્પાબેનના ભાઈ પ્રતિકે તેમને ઘરે આવવાનું કારણ પૂછતાં પાર્થએ પત્ની અને પુત્રને મળવા આવ્યો હોવાનું કહ્યું હતું.જો કે, જલ્પાબેને હવે બંને વચ્ચે કોઈ સંબંધ ન હોવાનું કહેતાં પાર્થ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી સિમકાર્ડ ફરી ચાલુ નહીં કરાવે તો જલ્પાબેન અને તેમના ભાઈને છ મહિનામાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# પત્રકાર આદેશે કેદીઓને કહ્યું અમારા કરતા તમે ગાંધીની વધારે નજીક છો અને ગાંધીજી તમારા કારણે આજે જીવંત છે

૨જી ઓક્ટોબરે જેલનાં ઓપનએર થીએટરમાં નવજીવન સંસ્થા દ્વારા એક કાર્યક્રમ રાખવામાં આવ્યા હતો. આ કાર્યક્રમની તૈયારી બે દિવસથી શરૂ થઈ હતી. કેદીઓને સૂચના મળી ગઈ હતી કે, પાકા કામના કેદીઓએ સવારે નવ વાગ્યે ઓપનએર થિએટરમાં આવી જવું. જેલનો સ્ટાફ પણ પોણાનવ વાગ્યાથી કામે લાગી ગયો હતો. સિપાહીઓ બેરેકમાંથી કેદીઓને કાર્યક્રમ માટે ધકેલી રહ્યા હતા. કેદીઓમાં પણ બે પ્રકાર હતા. કેદીનો એક પ્રકાર એવો હતો કે, બહારથી કોઈ સંસ્થા જેલમાં કાર્યક્રમ માટે આવે તો કેદીનો પહેલો પ્રકાર ખૂબ ખુશ થઈ જતો હતો. તેમને લાગતું કે, તેમનાં ઘરે કોઈ પ્રસંગ છે. જ્યારે બીજો પ્રકારના કેદીઓને લાગતું કે, સંસ્થાઓ જેલમાં કોઈપણ પ્રોગ્રામ કરે, આપણા જીવનમાં શું ફેર પડે છે?

ગોપાલ હજી પ્રમાણમાં નવો હતો; પણ વિરાંગ બીજા પ્રકારના કેદીની શ્રેણીમાં આવતો હતો. તે તમામ બાબતમાં ગણતરી કરતો કે, મને શું ફાયદો થશે? એટલે ગાંધી જયંતીના કાર્યક્રમ સાથે વિરાંગને કોઈ નિસ્બત નહોતી. જેલનો સ્ટાફ બધાને પરાણે ઓપરએર થિએટરમાં લાવ્યો હોવાને કારણે વિરાંગ અને ગોપાલ પણ કાર્યક્રમમાં આવ્યા હતા.

થોડીવારમાં જ કાર્યક્રમ શરૂ થયો. સ્ટેજ ઉપર એસ.પી. વિનય દવે, નવજીવન સંસ્થાના વડા મયુર જોષી અને જેલ સ્ટાફ સહિત અમદાવાદના પત્રકાર આદેશ પણ આવ્યા હતા. ગોપાલને જ્યારે ખબર પડી કે, કાર્યક્રમમાં પત્રકાર આદેશ પણ છે; ત્યારે તેને બહુ કૌતુક લાગ્યું. કારણ કે ગોપાલને ક્રાઈમ સ્ટોરીમાં ખૂબ રસ હતો. તેણે પત્રકાર આદેશની ઘણી ક્રાઈમ સ્ટોરી વાંચી હતી.

કાર્યક્રમમાં ભાષણોનો દૌર ચાલ્યો. એસ.પી. સહિત નવજીવન સંસ્થાના વડાએ જેલમાં શરૂ થઈ રહેલા પત્રકારત્વના અભ્યાસક્રમની જાણકારી આપી. અભ્યાસક્રમનું સંચાલન પત્રકાર આદેશ કરશે એવી જાહેરાત પણ કરી. આદેશ પત્રકારત્વ ભણાવશે તેવી જાહેરાત થતાં જ ગોપાલના ચહેરા પર ચમક આવી ગઈ. તેણે વિરાંગ સામે જોયું. વિરાંગે ગોપાલના કાન પાસે મોઢું





લાવીને કહ્યું, "આવી બહુબધી સંસ્થાવાળા જેલમાં આવીને જતા રહ્યા. તેમને તો ફોટા પડાવવામાં જ રસ હોય છે. આવતીકાલે છાપામાં તેમનો ફોટો આવશે અને પછી આપણે કોણ અને તે કોણ? તેમને કંઈ જ યાદ રહેશે નહીં."

એવામાં પત્રકાર આદેશ ભાષણ કરવા ઊભા થયા. વિરાંગ જે કહી રહ્યો હતો, તેના કરતાં આદેશની વાત સાંભળવામાં ગોપાલને વધારે રસ હતો. પત્રકાર આદેશે પોતાની વાત શરૂ કરતાં કહ્યું, "હવેથી હું રોજ આવીશ. આપણે સાથે કામ કરીશું. મને તમારા ભૂતકાળમાં કોઈ રસ નથી. તમારું જેલમાં હોવું તેને હું જિંદગીનો એક સંજોગ જ માનું છું. મને તમારા વર્તમાનમાં રસ છે. અને તમારા ભવિષ્ય માટે શું થઈ શકે? તે આપણે સાથે મળીને નક્કી કરીશું."

આદેશ બોલી રહ્યો હતો ત્યારે ગોપાલ એકદમ ધ્યાનથી તેને સાંભળી રહ્યો હતો. વિરાંગની નજર ક્યારેક મંચ ઉપર જતી ને ક્યારેક ગોપાલ પર. તે ગોપાલના હાવભાવ જોઈ રહ્યો હતો. આદેશે કહ્યું, "આજે ગાંધી જયંતી છે. બહારની દુનિયાના લોકો તો ગાંધી જયંતી અને ગાંધી નિર્વાણના દિવસે જ ગાંધીને યાદ કરે છે. કાર્યક્રમમાં આવતા પહેલાં હું એસ.પી. સાહેબ સાથે ગાંધીખોલી ગયો હતો. તેમણે મને કહ્યું, ૧૯૨૨માં ગાંધીજીને આ ખોલીમાં રાખવામાં આવ્યા હતા, ત્યારથી આજ સુધી રોજ જેલના કેદીઓ ગાંધીખોલીમાં દિવો કરે છે. જેલના કેદીઓ માને છે કે, આજે પણ અહીં ગાંધી જીવે છે. મને લાગે છે કે, તમે અમારા કરતાં ગાંધીની વધારે નજીક છો. ખરેખર ગાંધીને જીવંત રાખવાનું કામ તમે કર્યું છે. મારો અનુભવ કહે છે, ગાંધી વાંચવાનો વિષય નથી, ગાંધી તો જીવવો પડે! તો જ ગાંધી સમજાય તેમ છે."

કાર્યક્રમ પૂરો થયો પછી પત્રકાર આદેશ મંચની નીચે ઉતરીને કેદીઓ સાથે વાત કરી રહ્યા હતા. ખબર નહીં કેમ, પણ ગોપાલને આદેશનું આકર્ષણ થયું હતું. ગોપાલ એમની પાસે જતાં પોતાને રોકી શક્યો નહીં. આદેશ જ્યાં વાત કરતા હતા ત્યાં ગોપાલ પહોંચી ગયો. ગોપાલ કેદીઓ અને આદેશની વાત સાંભળી રહ્યો હતો. પત્રકાર આદેશ


પ્રશાંત દયાળ

ત્યાંથી નીકળી રહ્યા હતા ત્યારે ગોપાલે તેમને બૂમ પાડી, "સર... એક મિનિટ."આદેશે પાછળ ફરીને જોયું. ગોપાલ દોડતો તમની પાસે ગયો અને નમસ્તે કરતાં કહ્યું, "સર, મારે પણ તમારી પાસે પત્રકારત્વ ભણવું છે."

આદેશના ચહેરા પર સ્મિત આવ્યું. આદેશે કહ્યું, "આપણે સાથે પત્રકારત્વ ભણીશું. કારણ, પત્રકારે પણ રોજ અભ્યાસ તો કરવો જ પડે. સારું, આવતીકાલે અગિયાર વાગ્યે લાઈબ્રેરીમાં આવી જજે. આવતીકાલથી આપણે ભણવાનું શરૂ કરીશું."ગોપાલ પત્રકાર આદેશને બહાર જતા જોઈ રહ્યો. આદેશનો મધ્યમ બાંધો, લગભગ પોણા છ ફૂટ ઊંચાઈ, શર્ટિંગ કર્યા વગરનો શર્ટ, જિન્સ પેન્ટ અને પગમાં સ્પોર્ટ્સ શૂઝ હતાં. ગોપાલ હજી માનવા જ તૈયાર નહોતો કે, તે પત્રકાર આદેશને રૂબરૂમાં મળ્યો છે અને હવે તે આદેશ પાસે પત્રકારત્વ ભણવાનો છે.

આખો દિવસ ગોપાલનો કામમાં પસાર થઈ ગયો. તેના માનસપટમાં સતત સવારનો કાર્યક્રમ અને પત્રકાર આદેશની વાતો ફર્યા કરતી હતી.

સાંજે બેરેકમાં આવ્યો ત્યારે પણ વિરાંગે જોયું કે, ગોપાલ કંઈક વિચારમાં હતો, પણ સાથે તેનો ચહેરો પણ ખુશ હતો. ગોપાલ પત્રકારત્વ ભણવા માટે ખૂબ ઉત્સાહી હતો. તેણે નીતિનકાકા સાથે પણ વાત કરી લીધી હતી. કાકાએ તેને ભણવા માટે એક કલાકની છૂટ્ટી પણ આપી દીધી હતી.

વિચારોમાં રાત ક્યારે થઈ ગઈ, એની ખબર પડી જ નહીં. રાતે બિસ્તરમાં પડ્યાં પડ્યાં પણ તેના કાનમાં આદેશના શબ્દો ઘુમરાઈ રહ્યા હતા. "ગાંધી વાંચવાનો નહીં ગાંધી તો જીવવાનો વિષય છે." ગોપાલે હજી થોડા દિવસ પહેલાં જ રેકોર્ડિંગમાં ગાંધીજીને વાંચ્યા હતા. લેખક આર. કે. પ્રભુ અને યુ. આર. રાવ લિખિત મહાત્મા ગાંધીના વિચારો પુસ્તક વાંચ્યું હતું. ગોપાલને ક્યારેય એવો વિચાર જ નહોતો આવ્યો કે, ગાંધીજી જે કહે છે એ રીતે જીવી પણ શકાય. કારણ કે ગોપાલને ગાંધીની વાતો અલૌકિક લાગતી હતી; પણ આદેશનું કહેવું હતું કે, ગાંધી તો જીવવાનો વિષય છે. ગોપાલ વિચારમાં પડી ગયો. ખરેખર ગાંધીજી કહે છે તેવું આ જમાના જીવી શકાય ખરું!

ગોપાલ પોતાના કેસ માટે વિચાર કરવા લાગ્યો.

જ્યારે તેનો કેસ કોર્ટમાં ચાલ્યો ત્યારે તેણે કોર્ટને કહ્યું હતું કે, પોલીસે તેની ઉપર ખોટો કેસ કર્યો છે. તેને આ ગુના સાથે કોઈ નિસ્બત નથી. ગોપાલને થયું કે, તે કોર્ટમાં ખોટું બોલ્યો હતો. ખરેખર તો એણે ગુનો કર્યો જ હતો; પણ હવે ગોપાલના જીવનમાં ગાંધીની આંધી આવવાની હતી. એ ગાંધી નામના એક દરિયાકિનારે ઊભો હતો. (ક્રમશ)

# અષાઢી ગુપ્ત નવરાત્રિએ આદ્યશક્તિ માતાના મહિમા



જગતમા માં નો મહીમા અપાર છે પછી તે જન્મદેનારી હોઈ કે વિશ્વંભરી આધશક્તિ. આવી જ વાત છે માં શ્રી શક્તિ ની.શ્રી શક્તિ માં ના મુખ્ય ધામ જેમાં પાટડી, ધામા, દિઘડિયા, ટુવા અને શનાળા આમ પાંચ ધામ છે તેમજ વિખ્યાત શ્રી દ્વારકાધીશ જગત મંદિર ના શિખર ઉપર શ્રી શક્તિ માં બિરાજમાન છે જે શ્રદ્ધાળુઓ અને માઈ ભકતો ના હૃદય માં વિશેષ સ્થાન ધરાવે છે.

માં શક્તિ નું બાળપણ નું નામ શ્રી બીસંતી દેવી હતું. માતાજી ગુજરાત માં આવેલ પાટણ ના શ્રી પ્રતાપસિંહજી સોલંકી ના ઘેર અવતર્યા હતા.શ્રી પ્રતાપસિંહજી શ્રી શક્તિમાં ના પાલક પિતાશ્રી હતા.બીસંતી દેવી માં પાર્વતી ના અંશાવતાર રૂપે આ સંસાર માં અવતર્યા હતા.

પાટણમા રાજા કરણ નું રાજ હતું.તે સમયે ત્યાં બાબરા ભૂત નો ખુબ જ ત્રાસ હતો.ત્યારે ભગવાન શિવશંકર ના અંશાવતાર, રાજપૂત રાજવી બપ્પાશ્રી હરપાળદેવજી મખવાન ( મકવાણા ) બાબરા ભૂતનો ત્રાસ દૂર કરવા બીડુ જડપે છે.આથી તેઓ ભોગ ની સામગ્રી લઈ સ્મશાને ગયા.હરપાળદેવ એ સાધના શરૂ કરી ત્યાં તો અચાનક સોના ના કંકણ વાળો એક સ્ત્રી નો હાથ લાંબો થયો.ક્ષત્રિય નો ધર્મ છે કે માંગનારને સદા આપવું તેથી શ્રી હરપાળદેવ એ ભોગ ની સામગ્રી માં થી થોડો ભાગ લંબાવેલા હાથ માં મુક્યો.ફરીવાર એ જ હાથ પાછો આવ્યો.હરપાળદેવ એ ફરીવાર ભોગ ની સામગ્રીમાં થી થોડો ભાગ હાથ માં મુક્યો.

આમ કરતા ભોગ ની સામગ્રી પુરી થઈ તેમ છતાં હાથ તો લંબાતો જ રહ્યો.અંતે હરપાળદેવ એ પોતાના પગની જાંગ ચિરી એમાંથી ભોગ આપ્યો.ત્યાં તો સાક્ષાત જગદંબા નો અવતાર માં શક્તિ પ્રગટ થયા અને હરપાળદેવ ને વચન આપ્યું કે આજથી હું સદા તમારી હાજરા હજુર રહીશ.ત્યારબાદ શ્રી હરપાળદેવ એ બાબરા ભૂત ને વશ કરવા સાધના શુરું કરી અને શક્તિ નું આહવાન કર્યું.ત્યાં ભારાડી બાબરો ભૂત આવ્યો.શ્રી શક્તિમાં ના સાથ થી શ્રી હરપાળદેવ એ બાબરા ભૂત ને વશ કર્યો.બાબરા ભૂત નો ત્રાસ દૂર થવાથી રાજા કરણ ખૂબજ ખુશ થયા અને હરપાળદેવને વચન માંગવા કહ્યું અને હરપાળદેવ જે કાંઈ માંગશે તે જરૂર મળશે તેવી ખાત્રી આપી.હરપાળદેવ એ કહ્યું કે એક જ રાત માં તેઓ જેટલા ગામ ને તોરણ બાંધે તે તમામ ગામ આપવા જેમાં રાજા કરણ સહમત થયા.આમ શ્રી શક્તિ માં ની સહાય થી અને બાબરા ભૂત ના સાથ થી હરપાળદેવ એ એક જ રાત માં ૨૩૦૦ ત્રેવિસો ગામ ને તોરણ બાંધ્યા.શ્રી

શક્તિ માં અને બપ્પા હરપાળદેવજી દાદા એ પેલું તોરણ પાટડી બાંધેલ અને છેલ્લું તોરણ દિઘડિયા બાંધેલ ત્યારે દિઘડિયે માં દિ ઉગેલ.હરપાળદેવ એ ૫૦૦ પાંચસો ગામ રાજા કરણ ને પરત કરી ૧૮૦૦ અઢારસો ગામ લઈ પાટડી મુકામે ગાદી ની સ્થાપના કરી રાજ્ય વસાવ્યું.આમ આ બંને દિવ્યશક્તિ, શ્રી હરપાળદેવજી અને શ્રી બીસંતીદેવી (શ્રી આધશક્તિ માં) નું આ સંસાર માં મિલન થયું.બાદમાં આ સમગ્ર પંથક ઝાલાવાડ તરીકે ઓળખાયો.ત્રેવિસો

ગામ ના તોરણ બાંધવાના



ભાવિનભાઈ રસીકભાઈ ખખર
શ્રી શક્તિ માં ના ઉપાસક

સમએ ટુવામાં શ્રી શક્તિ માં અને હરપાળદેવ એ થોડો સમય વિસામો લીધેલ એટલે ટુવા ધામ નું ખૂબ જ મહત્વ છે.માં શક્તિ એ બાબરા ભૂત નો ઉદ્ધાર કરેલ અને બાદમાં તેઓ બાબરાસુર તરીકે ઓળખાયા.

પાટડી ના રાજમાર્ગ પર એક વખત રાજ મખવાન ના ત્રણ કુંવરો સોઢાજી, માંગુજી અને શેખડાજી તથા ચારણ નો એક બાળક રમતા હતા ત્યારે ગાંડા હાથી પુરપાટ ઝડપે બાળકો તરફ દોડયા ત્યારે માં શક્તિ પાટડી રાજમહેલના મેડી ના ઝરૂખે પ્રગટ થયા અને પોતાના હાથ લાંબા કરી ત્રણેય બાળકો ને ઝાલી લઈ બચાવી લીધા ત્યારથી તેઓ ઝાલા કહેવાયા આમ ઝાલા વંશ ની સ્થાપના થઈ અને ચારણ ના દિકરા ને માં એ ટાપલી મારી દૂર કરી દીધેલ ત્યાર થી તેઓ ટાપરિયા ચારણ કહેવાયા.આ પ્રસંગથી શ્રી શક્તિ માં નું ભગવતી સ્વરૂપના આ સંસાર એ દર્શન કર્યા.આમ ઝાલા ક્ષત્રિય વંશ ના શ્રી શક્તિ માં જન્મદાત્રી કહેવાયા.

પાટડી ના પ્રસંગથી શ્રી શક્તિ માં નું દેવીસ્વરૂપ જાહેર થયું અને ત્યારબાદ શ્રી શક્તિ માતાજી ચૈત્ર વદ તેરસ ના દિવસે, રક્ષારૂણા નું બંધન મહાભગીની બાળ ઉમાદે ને ખોળે બેસાડી ધાંધલપુર ની ધરામાં સમાઈ ગયા ત્યારથી આ ધરા "ધામા" ધામ થી જગવિખ્યાત છે.સમગ્ર ઝાલાવાડ તથા ઝાલા ક્ષત્રિય સમાજ કુળદેવી શ્રી મરમરા માતાજી, જન્મદાત્રી શ્રી શક્તિ માં અને બાળ ઉમાદે માતાજી આમ ત્રણેય માતાજી તથા બપ્પા હરપાળદેવજી દાદા પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવે છે.

આજે પણ જ્યારે માં આધશક્તિ ને તેના બાળકો,ભકતો યાદ કરે છે ત્યારે માતાજી હાજરા હજુર રહે છે અને વેણે વાતો કરે છે.શ્રી શક્તિ માં ના ચરણો માં લાખો વંદન.

શ્રી આધશક્તિ માં સૌ માઈ ભકતો ની બધી આશા પુરી કરે તેવી માં ના ચરણો માં પ્રાર્થના, જય આધશક્તિ

# રાજકોટમાં મેં તો પાલવડે બાંધી પ્રીતનું પ્રીમિયર સ્ક્રીનિંગ યોજાયું












## 21 વર્ષ બાદ પણ પ્રેમ, વચન અને સંસ્કારની સુગંધે દર્શકોનાં દિલ જીત્યાં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતી સિનેમાની સુપરહિટ ફિલ્મ મેં તો પાલવડે બાંધી પ્રીતનું ૨૧ વર્ષ બાદ આધુનિક ટેકનોલોજી સાથે રાજકોટના આઈનોક્સ આર વર્લ્ડ સિનેમા ખાતે ભવ્ય પ્રીમિયર સ્ક્રીનિંગ યોજાયું હતું. ફિલ્મના પુનપ્રદર્શનનો આ પ્રસંગ ગુજરાતી સિનેમાના સુવર્ણ યુગને ફરી જીવંત કરતો યાદગાર સાંસ્કૃતિક ઉત્સવ બની રહ્યો હતો.

પ્રીમિયર શોમાં ગુજરાતી ફિલ્મજગતના સુપરસ્ટાર હિતેન કુમાર, દિગ્દર્શક જશવંતભાઈ ગાંગાણી, અભિનેત્રી રાજલક્ષ્મી સહિત ફિલ્મની સ્ટારકાસ્ટ, અગ્રણી પત્રકારો, કળાપ્રેમીઓ અને મોટી સંખ્યામાં દર્શકો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુવ્યવસ્થિત આયોજન શહેર ભાજપ સાંસ્કૃતિક સેલના સહ-સંયોજક વિજયભાઈ કારિયા દ્વારા કરવામાં આવ્યું હતું. ટિકિટિંગ, બેઠક વ્યવસ્થા, મહેમાનોનું સ્વાગત અને કાર્યક્રમના સંચાલન સહિત સમગ્ર આયોજનની ઉપસ્થિતોએ પ્રશંસા કરી હતી. ફિલ્મપ્રેમીઓને સજોડે ફિલ્મ નિહાળવાની સુંદર તક ઉપલબ્ધ કરાવવા બદલ રાજુ મામાનો પણ વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વિજયભાઈ કારિયાએ જણાવ્યું હતું કે, ફિલ્મનો સાચો હીરો કોઈ એક અભિનેતા નહીં, પરંતુ પ્રેમની નિર્દોષતા, સંબંધોની પવિત્રતા અને આપેલા વચનને નિભાવવાની ભારતીય સંસ્કૃતિ છે. સૌરાષ્ટ્ર કમલમના સહ-તંત્રી હેમાંશુભાઈ કક્કડએ જણાવ્યું હતું કે આજના ડિજિટલ યુગમાં આ ફિલ્મ સાચા પ્રેમ, વિશ્વાસ અને સમર્પણની યાદ અપાવે છે.

ભાજપ મીડિયા અગ્રણી રાજન ઠક્કરએ જણાવ્યું હતું કે સુપરસ્ટાર હિતેન કુમાર, અભિનેત્રી રાજલક્ષ્મી તથા સમગ્ર કલાકારોએ આપેલો અભિનય આજે પણ એટલો જ અસરકારક છે અને સાચી અભિનય કળા ક્યારેય જૂની થતી નથી. વરિષ્ઠ પત્રકાર જ્વલંતભાઈ છાયાએ જણાવ્યું હતું કે ફિલ્મનું પુનપ્રદર્શન નવી પેઢીને ગુજરાતી સિનેમાના સમૃદ્ધ વારસાથી પરિચિત કરાવતો સુંદર પ્રયાસ છે. વરિષ્ઠ પત્રકાર જગદીશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે સારો વિષય, સંસ્કારસભર કથાવસ્તુ અને શ્રેષ્ઠ અભિનય સમયની કસોટી પર હંમેશા ખરા ઉતરે છે.

આ પ્રસંગે સરગમ ક્લબના ગુણવંતભાઈ ડેલાવાળા, વરિષ્ઠ પત્રકાર જગદીશભાઈ મહેતા, જ્વલંતભાઈ છાયા, સૌરાષ્ટ્ર કમલમ દૈનિકના તંત્રી સોહમ કક્કડ, સહ-તંત્રી હેમાંશુભાઈ કક્કડ, ભાજપ મીડિયા અગ્રણી રાજન ઠક્કર, પંકજભાઈ ભટ્ટ, કલાકાર દિનેશભાઈ લાંબા, ચક્રવાત દૈનિક ના પત્રકાર કપિલ ઠક્કર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



# સાળંગપુરમાં કષ્ટભંજનદેવને ‘બટરફ્લાય થીમ’ના દિવ્ય વાઘા શણગાર અર્પણ

**સિટી ન્યૂઝ@સાળંગપુર**

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ ખાતે મંગળવાર, ૨૧ જુલાઈએ પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી શ્રી કષ્ટભંજનદેવને વિશેષ ’બટરફ્લાય થીમ’ના દિવ્ય વાઘાનો શણગાર અર્પણ કરવામાં આવ્યો હતો. શ્વેત અને વાદળી રંગના વસ્ત્રો પર પતંગિયા, ફૂલો અને મોતીના વર્કથી સજાવાયેલા આકર્ષક વાઘાએ ભક્તોનું વિશેષ ધ્યાન આકર્ષ્યું હતું. આ પ્રસંગે કેળા, સફરજન, દ્રાક્ષ, ડ્રેગન ફ્રૂટ, સંતરા, દાડમ, ચીકુ સહિત વિવિધ ફળોનો ભવ્ય અન્નકૂટ શ્રી કષ્ટભંજનદેવને ધરાવવામાં આવ્યો હતો. સવારે ૦૫:૩૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા મંગળા આરતી તથા સવારે ૦૭:૦૦ કલાકે કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા શણગાર આરતી સંપન્ન કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. દિવસભર મોટી સંખ્યામાં હરિભક્તો અને દર્શનાર્થીઓએ શ્રી કષ્ટભંજનદેવના દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# લોકભારતી સણોસરામાં કલ્પસર કર્મયોગી વિનુભાઈ ગાંધીનું સન્માન

## કલ્પસર સાકાર થતાં સૌરાષ્ટ્ર દેશનો સૌથી વધુ પાણીદાર પ્રદેશ બનશે : કેન્દ્રીય પ્રધાન CR પાટીલ

**સિટી ન્યૂઝ@સણોસરા**

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા અને કલ્પસર સહયોગ સમિતિ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે કલ્પસર યોજનાના સક્રિય વિચારક અને માર્ગદર્શક વિનુભાઈ ગાંધીના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય જળ સંસાધન પ્રધાન સી. આર. પાટીલના અધ્યક્ષસ્થાને યોજાયેલા સમારોહમાં તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના વિઝનમાં પાણી સંગ્રહને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને કલ્પસર યોજના સાકાર થતાં સૌરાષ્ટ્ર સમગ્ર દેશમાં સૌથી વધુ પાણીદાર પ્રદેશ તરીકે ઉભરી આવશે.




કેન્દ્રીય પ્રધાન સી. આર. પાટીલે જણાવ્યું હતું કે પાણીનો ઉપયોગ કરવાનો અધિકાર સૌને છે, પરંતુ ધરતી માતાનું ઋણ ચૂકવવાની ફરજ પણ સૌની છે. તેમણે જળસંચય માટે જનજાગૃતિ લાવવાનો અનુરોધ કરતાં કલ્પસર યોજના માટે વિનુભાઈ ગાંધી દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

સન્માનના પ્રત્યુત્તરમાં વિનુભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે ખંભાતનો અખાત પ્રકૃતિની અમૂલ્ય ભેટ છે અને કલ્પસર યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પ મુજબ સાકાર થવાની આશા વધુ મજબૂત બની છે. સમારોહમાં તેમને અપાયેલી રૂ. ૧૧,૧૧,૧૧૧ની સન્માનરાશિમાં પોતાના તરફથી રૂ. ૧૧,૧૧૧ ઉમેરી કુલ રકમ કલ્પસર સંબંધિત પ્રવૃત્તિઓ માટે સંસ્થાને પરત અર્પણ કરી હતી.

કાર્યક્રમના પ્રારંભે જીવરાજભાઈ સુરાણી અને અરુણાભાઈ દવેના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. અરુણાભાઈ દવેએ લોકભારતી દ્વારા શિક્ષણ, સંશોધન, જળસંચય અને કૃષિ ક્ષેત્રે થઈ રહેલી કામગીરીનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં લોકભારતી સંગીતવૃંદ દ્વારા ગીત પ્રસ્તુત કરવામાં આવ્યા હતા તેમજ મોજીલી શાળા, આંબલાના વિદ્યાર્થીઓએ યોગાસન અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

સમારોહમાં બેચરભાઈ ભાદાણી, ધનરાજભાઈ કૈલા, પરશોત્તમભાઈ કમાણી, કમલનયનભાઈ સોજીત્રા, દિલીપભાઈ સખિયા સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, કાર્યકરો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**હૃદય રોગના દર્દીઓ માટે આશીર્વાદરૂપ**

# શ્રી રામ સાર્વજનિક હોસ્પિટલમાં અદ્યતન ઈકો મશીનનું લોકાર્પણ

**સિટી ન્યૂઝ@ગોંડલ**

શ્રી રામ સાર્વજનિક હોસ્પિટલ ખાતે હૃદય રોગના દર્દીઓની વધુ સારી અને સચોટ સારવાર માટે એક અદ્યતન ઈકો (Echo) મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ આધુનિક મશીન ઉપલબ્ધ થવાથી ખાસ કરીને ICU માં દાખલ ગંભીર દર્દીઓની સારવારમાં મોટી મદદ મળશે. પ્રાપ્ત વિગતો અનુસાર, પરમ પૂજ્ય હરિચરણદાસજી મહારાજના અદ્રશ્ય આશીર્વાદ અને શ્રી રામજી મંદિરના મહંત પરમ પૂજ્ય જયરામદાસજી મહારાજના સીધા માર્ગદર્શન હેઠળ આ નવું સોપાન સર કરવામાં આવ્યું છે. લંડન સ્થિત ઉદારદિલના દાતા શ્રી દીપકભાઈ જટાણીયાના વિશેષ આર્થિક સહયોગથી હોસ્પિટલને આ



અત્યાધુનિક મશીન પ્રાપ્ત થયું છે. વતનથી દૂર રહીને પણ દર્દીઓની સેવામાં તેમનો આ ફાળો સરાહનીય છે. આ ઈકો મશીનનું વિધિવત લોકાર્પણ મહંતશ્રી જયરામદાસજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યથી હોસ્પિટલના ICU વિભાગમાં દાખલ હૃદય રોગના દર્દીઓના સચોટ નિદાન અને ત્વરિત સારવારની દિશામાં હોસ્પિટલની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

# દોઢ વર્ષથી રસ્તાના કામ અટકતાં મહિલાઓનો હલ્લાબોલ, રવાપર ચોકડી કર્યો ચક્કાજામ

## ગ્રામ પંચાયતમાં મંજૂર કામો મહાપાલિકામાં લટક્યાનો આક્ષેપ; મેયર-કમિશનરને સ્થળ પર બોલાવવાની માંગ

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના રવાપર વિસ્તારમાં નીતિન પાર્ક, વૈભવનગર અને ચિત્રકૂટ સોસાયટીમાં લાંબા સમયથી રસ્તાના કામો ન થતાં સ્થાનિક મહિલાઓ સહિતના રહીશોએ મંગળવારે થાળી-વેલણ વગાડી વિરોધ પ્રદર્શન કર્યું હતું. રવાપર-ઘુનડા રોડ પર ગોલ્ડન માર્કેટ પાસે વિરોધ નોંધાવ્યા બાદ મહિલાઓએ વ્યસ્ત રવાપર ચોકડી ખાતે ચક્કાજામ કરતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, રવાપર ગામ ગ્રામ પંચાયત હેઠળ હતું ત્યારે ત્રણેય સોસાયટીમાં નવા રસ્તા બનાવવા માટે ઠરાવ પસાર કરી કામો મંજૂર કરવામાં આવ્યા હતા. જોકે બાદમાં વિસ્તારનો મોરબી મહાનગરપાલિકામાં સમાવેશ



થતાં આ કામો અટકી ગયા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.રહીશોના આક્ષેપ મુજબ, મહાપાલિકા બન્યાને દોઢ વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં રસ્તાનું એક પણ કામ શરૂ થયું નથી. આ અંગે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી અને મંજૂર ઠરાવોની નકલ મ્યુનિસિપલ કમિશનરને પણ આપવામાં આવી હતી. તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતાં સ્થાનિકોમાં રોષ ફેલાયો હતો. પ્રદર્શન દરમિયાન મહિલાઓએ જણાવ્યું હતું કે જ્યાં સુધી મહાપાલિકાના મેયર અને કમિશનર સ્થળ પર આવી રસ્તાના કામો વહેલી તકે શરૂ કરવાની સ્પષ્ટ ખાતરી નહીં આપે, ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. સવારના વ્યસ્ત સમયે થયેલા ચક્કાજામને કારણે રવાપર ચોકડી વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

# સેફ્ટીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના આઠ કર્મચારીઓ સન્માનિત

## ડીઆરએમ ગિરીરાજ કુમાર મીનાના હસ્તે પ્રશસ્તિપત્ર એનાયત; સતર્કતાથી સંભવિત રેલ અકસ્માતો ટળ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**



પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ૮ રેલકર્મીઓને ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) ગિરીરાજ કુમાર મીનાએ ડીઆરએમ કાર્યાલય ખાતે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કર્યા હતા. એપ્રિલ અને મે ૨૦૨૬ દરમિયાન ફરજ દરમિયાન અસાધારણ સતર્કતા દાખવી સંભવિત રેલ અકસ્માતો અટકાવવામાં મહત્વપૂર્ણ યોગદાન બદલ આ સન્માન આપવામાં આવ્યું હતું.

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ સન્માનિત કર્મચારીઓમાં હિતેશ ડોડિયા, મનોજ કુમાર બહેરા, આકાશ કુમાર મીના, જિગ્નેશ ડી. દલસાણિયા, રામરતન મીણા, જયપ્રકાશ ગિનારે, રાજકુમાર શર્મા અને વસીમ ચલંગાનો સમાવેશ થાય છે.

આ કર્મચારીઓએ ફરજ દરમિયાન ટેન્ક વેગન અને કોચમાં ખામીની સમયસર ઓળખ, ટ્રેક નજીક લાગેલી આગને કારણે ટ્રેનને સુરક્ષિત રીતે રોકવી, યાર્ડમાં ક્ષતિગ્રસ્ત ડોક મિડવેની જાણ થતાં ટ્રેન અટકાવવી તેમજ માલગાડીના વેગનમાં તૂટેલી નકલ પિન શોધી તાત્કાલિક સમારકામ કરાવવું જેવી સતર્ક કામગીરી કરીને સંભવિત અકસ્માતો ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

પ્રસંગે ડીઆરએમ ગિરીરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે સન્માનિત કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠા, સતર્કતા અને ઝડપી નિર્ણય ક્ષમતા સમગ્ર ડિવિઝનના કર્મચારીઓ માટે પ્રેરણારૂપ છે અને રેલવે સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાના પ્રયાસોને વધુ મજબૂત બનાવે છે.

કાર્યક્રમમાં એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર બ્રિજેશ કુમાર સિંહ, સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર રમેશ ચંદ મીણા, સિનિયર ડિવિઝનલ ઓપરેટિંગ મેનેજર સુનીલ કુમાર ગુપ્તા તથા સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન) મનોજ કુમાર રાવ ઉપસ્થિત રહ્યા હતા.

# ન્યુઝીલેન્ડમાં ગુજરાતી ઉદ્યોગપતિ ડો. સુરેશ બલરને 'કીવી ઈન્ડિયન બિઝનેસ લીડર ઓફ ધ યર' એવોર્ડ

**સિટી ન્યૂઝ@ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)**

ડો.સુરેશ (સ્ટેન) બલર કીવી ઈન્ડિયન બિઝનેસ લીડર ઓફ ધ ઈયર સફળતાની વાર્તાઓ હંમેશા એક એવી વ્યક્તિના વિઝન (દૂરદેશી) તરફ દોરી જાય છે, જેઓ એક પણ ઓળખાણ વગર, પણ મનમાં ધ્યેય, સાહસિક ભાવના અને સખત પરિશ્રમ પ્રત્યે અતૂટ વિશ્વાસ સાથે ન્યુઝીલેન્ડ આવ્યા હતા. સુરેશ બલર (જેઓ સ્ટેન બલર તરીકે પણ જાણીતા છે) અને તેમના પત્ની વિદ્યાબેન બલર ૧૯૮૩માં કાયૅસચર્ચ સ્થાયી થયા. તેમણે એક નાની કરિયાણાની દુકાનથી શરૂઆત કરી હતી. ન્યુઝીલેન્ડ આવેલા અન્ય અસંખ્ય પ્રવાસીઓની જેમ, તેઓ પણ શરૂઆતથી જ પોતાનું એક નવું જીવન બનાવી રહ્યા હતા.સ્ટેન બલરને જે બાબત સૌથી અલગ બનાવે છે, તે છે તેમની સખત મહેનત કરવાની તૈયારી, નવી તકોને ઓળખવાની ક્ષમતા અને વિશ્વાસ, પ્રામાણિકતા અને લાંબા ગાળાના સંબંધો પર આધારિત બિઝનેસ બનાવવાની આવડત.ચાર દાયકા પછી, તે નાનો અને નમ્ર વ્યવસાય આજે 'સર્વિસ ફૂડ્સ' (Service Foods) માં પરિવર્તિત થયો છે, જે ન્યુઝીલેન્ડની સૌથી મોટી માલિકીની ફૂડ સર્વિસ વિતરણ કંપનીઓમાંની એક છે. આ કંપની આજે દેશભરમાં ૧૦ લાખ લોકો થી વધારે ગ્રાહકોને રોજ ફંડ  સપ્લાય કરે છે અને હોસ્પિટાલિટી તથા ફૂડ સર્વિસ સેક્ટરમાં એક પ્રતિષ્ઠિત નામ બની ગઈ છે.જો કે, આ સફળતા માત્ર વાર્તાનો એક ભાગ છે. જે લોકોએ સ્ટેન સાથે કામ કર્યું છે તેઓ વ્યવસાયિક સફળતા જેટલી જ તેમની પ્રામાણિકતા વિશે પણ વાત કરે છે. તેમનું નેતૃત્વ હંમેશા સાતત્ય, નમ્રતા અને



ગ્રાહકો, સપ્લાયર્સ અને સ્ટાફ સાથે મજબૂત સંબંધો બનાવવા માટેની પ્રતિબદ્ધતા દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. તે જ મૂલ્યો સર્વિસ ફૂડ્સની સંસ્કૃતિમાં વણાયેલા છે અને આજે પણ તેની સફળતાના કેન્દ્રમાં છે.આ કંપની સફળ ઉત્તરાધિકાર આયોજન (succession planning) નું એક ઉત્તમ ઉદાહરણ બની ગઈ છે. રોજિંદી કામગીરીમાંથી સ્ટેન દૂર થયા પછી, તેમના પુત્રો અનીલ અને નિકુલ બલરે તેમના પિતા દ્વારા સ્થાપિત સિદ્ધાંતોને જાળવી રાખીને કંપનીનો વિસ્તાર કરવાનું ચાલુ રાખ્યું છે.બિઝનેસ સિવાય, સ્ટેન બલરે પરોપકાર (દાન-પુણ્ય) માટે આજીવન પ્રતિબદ્ધતા જાળવી રાખી છે. કૌટુંબિક પરંપરાઓથી પ્રેરિત થઈને, તેમણે ભારત અને ન્યુઝીલેન્ડ બંનેમાં શૈક્ષણિક, આરોગ્ય સંભાળ અને સામુદાયિક પહેલોને ટેકો આપ્યો

### » ઓકલેન્ડમાં યોજાયેલા સમારોહમાં સન્માન; ચાર દાયકામાં ઉભું કર્યું ન્યુઝીલેન્ડની અગ્રણી ફૂડ સર્વિસ કંપનીનું સામ્રાજ્ય

છે, કારણ કે તેઓ માને છે કે વ્યાપારી સફળતા સાથે સમાજમાં યોગદાન આપવાની જવાબદારી પણ આવે છે.તેમની વાર્તા એવા ઘણા પ્રવાસીઓ જેવી છે જેઓ મહત્વાકાંક્ષા અને મનોબળ સાથે આવ્યા હતા, પરંતુ બહુ ઓછા લોકો ન્યુઝીલેન્ડના અર્થતંત્ર અને ખાદ્ય ઉદ્યોગ પર આટલી કાયમી છાપ છોડી શક્યા છે.'ધ ઈન્ડિયન વીકિન્ડર બિઝનેસપર્સન ઓફ ધ યર' એવોર્ડ તેમના આ જ નેતૃત્વ, સાહસિકતા અને કાયમી સિદ્ધિઓની માન્યતા આપે છે. સ્ટેન બાલરની સફર એ વાતની યાદ અપાવે છે કે સૌથી મજબૂત વ્યવસાયો માત્ર વ્યાપારી સફળતા પર જ નહીં, પરંતુ એવા મૂલ્યો પર બને છે જે સ્થાપકોના નિવૃત્ત થયા પછી પણ લાંબા સમય સુધી પ્રેરણા આપતા રહે છે.આ તકે ન્યૂઝીલેન્ડ નાં વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ષન એમ,પી, પ્રિયંકા રાધાકૃષ્ણ, એમ,પી,રીમા નાખલે,એમ,પી,ક્રિશહેપકીન,એમ, પી,સીમીયન બાઉન, ઈન્ડિયન હાઈ કમિશનર મુઆનપુઈ સાઈવાય, ડો.મદનમોહન સેટી, સહિતના ન્યૂઝીલેન્ડ નાં બીઝનેસ મેન અને સેલિબ્રિટીઝ વગેરે ની હાજરી માં ગુજરાતી બિઝનેસમેન ડો.સુરેશ બલર ને સન્માનિત કરતા ભારતીય સમુદાય અને ગુજરાતી ઓ નું ગૌરવ વધારવા બદલ ડો.સુરેશ બલર ને સુભેક્ષા અપાય હતી અને તેઓની સેવાઓ ને બિરદાવી હતી




# NCUIની ચૂંટણીમાં સહકાર ભારતી-ભાજપ ગઠબંધનની ઐતિહાસિક જીત

## 21માંથી 19 બેઠકો પર વિજય, 10 ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા; સહકારી ક્ષેત્રમાં બહુમતી સાથે પ્રભુત્વ સ્થાપ્યું

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

રાષ્ટ્રીય સહકારી સંઘ (NCUI)ની ૧૮ જુલાઈએ યોજાયેલી ચૂંટણીનું પરિણામ ૧૯ જુલાઈએ જાહેર થતાં સહકાર ભારતી અને ભારતીય જનતા પાર્ટીના સહકારી પ્રકોષ્ઠના ગઠબંધને ઐતિહાસિક જીત નોંધાવી છે. ગઠબંધનના ૨૧માંથી ૧૯ ઉમેદવારો વિજેતા બન્યા છે, જ્યારે ૧૦ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. ચૂંટણીમાં સહકાર ભારતીના સંરક્ષક દીનાનાથ ઠાકુર, ઇફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, એનસીડીએફઆઈના ચેરમેન મિનેશ શાહ, ક્રુભકોના ચેરમેન બીપીન પટેલ, નાફેડના મોહનભાઈ કુંડારિયા, એનસીસીએફના ચેરમેન વિશાલ સિંહ, વિનયકુમાર શાહી, પ્રવીણ દરેકર, જી.ટી. દેવગોડા, જીના પોત્સંગબમ, ઘનશ્યામભાઈ અમીન, ધનંજય સિંહ, એચ.કે. પાટીલ, મુદિત વર્મા, અણ્ણા સાહેબ જોલ્હે અને નકુલ કડૂ સહિતના ઉમેદવારો વિજેતા જાહેર થયા છે. સહકાર ભારતીના અખિલ ભારતીય મહામંત્રી દીપક ચોરસીયાની સરકાર દ્વારા નિયુક્ત ઉમેદવાર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ચૂંટણી દરમિયાન સહકાર ભારતીના પ્રમુખ ડો. ઉદયજી જોશી, મહામંત્રી દીપક ચોરસીયા, સંરક્ષક દીનાનાથ ઠાકુર, સંગઠન મંત્રી સંજયજી પાસપોર્ટ તેમજ ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ અને એનડીડીબીના ઉપાધ્યક્ષ કુલદીપ ચેહલ સહિતના આગેવાનોએ માર્ગદર્શન આપ્યું હતું.

વિજય બાદ ડો. ઉદયજી જોશીએ જણાવ્યું હતું કે એનસીયુઆઈમાં સહકારિતાની ભાવનાને વધુ મજબૂત બનાવી સર્વાનુમતે નિર્ણય લેવાની પરંપરાને પ્રોત્સાહન આપવામાં આવશે. રાજ્ય અને જિલ્લા સ્તરની સહકારી સંસ્થાઓને વધુ સશક્ત બનાવી સહકારથી સમૃદ્ધિના વિઝનને સાકાર કરવા કાર્ય કરવામાં આવશે.

આ ઐતિહાસિક જીતને રાજકોટ મહાનગર સહકાર ભારતીના પ્રમુખ ડો. એન.ડી. શીલુ અને સંગઠન મંત્રી જયેશ સંઘાણીએ સહકારિતાની જીત ગણાવી આવકારી હતી.

# સેરેનીટી ગાર્ડન લાફીંગ ક્લબનો આરોગ્યલક્ષી ગેટ-ટુ-ગેધર યોજાયો

## જડીબુટ્ટી આધારિત તંદુરસ્ત જીવનશૈલી પર માર્ગદર્શન, સભ્યોના જન્મદિવસની ઉજવણી સાથે આરોગ્ય જાગૃતિનો સંદેશ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સેરેનીટી ગાર્ડન લાફીંગ ક્લબ, રાજકોટ દ્વારા કણકોટ રોડ સ્થિત સવન સ્પ્લેન્ડર વિક એન્ડ વિલા રિસોર્ટ ખાતે ગેટ-ટુ-ગેધર, આરોગ્યલક્ષી સેમિનાર અને ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં "તંદુરસ્ત જીવન જીવવાની ચાવી... જડીબુટ્ટી" વિષય પર નેચરોપેથી નિષ્ણાત ડો. રમેશભાઈ કોયાણીએ આરોગ્યલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમના યજમાન તરીકે અશ્વિનભાઈ પટેલ, ભાવિન્દુભાઈ ચાંગેલા અને દામજીભાઈ રંગાણીએ આયોજન કર્યું હતું.

કાર્યક્રમમાં લાફીંગ ક્લબ ઓફ ગ્રુપ રાજકોટના ચેરમેન જયંતિભાઈ માંડવીયા, પ્રમુખ રમેશભાઈ અનડકટ, મહામંત્રી અશ્વિનભાઈ પટેલ, સેરેનીટી ગાર્ડન લાફીંગ ક્લબના પ્રમુખ ગાંગજીભાઈ સાદરીયા સહિત મોટી સંખ્યામાં સભ્યો અને "ભાભા મંડળ"ના વડીલો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ક્લબના ત્રણ સભ્યોના તાજેતરના જન્મદિવસની ઉજવણી પણ કરવામાં



આવી હતી.ડો. રમેશભાઈ કોયાણીએ નેચરોપેથી આધારિત જીવનશૈલી, કુદરતી આહાર, માનસિક સ્વાસ્થ્ય, ધ્યાન, ઊંઘ અને જીવનશૈલીમાં જરૂરી પરિવર્તનો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સભ્યોની માંગને ધ્યાનમાં રાખી તેમણે નિર્ધારિત સમય કરતાં વધુ સમય સુધી પ્રશ્નોત્તરી સાથે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રસંગે વિવિધ મહાનુભાવોનું શાલ, પુષ્પગુચ્છ અને ઉપરણાથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન વરૂણભાઈ પટેલે કર્યું હતું, જ્યારે આભારવિધિ ભાવિન્દુભાઈ ચાંગેલાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ક્લબના હોદ્દેદારો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# ડો. પ્રવીણભાઈ નિમાવતના જન્મદિવસે શુભેચ્છાઓનો ધોધ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-રાજકોટના વાઇસ ચેરમેન તથા રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા ડો. પ્રવીણભાઈ નિમાવતને તેમના ૧૮ જુલાઈના જન્મદિવસ નિમિત્તે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી છે. તાજેતરમાં રાજ્યના શિક્ષણમંત્રી રિવાબા જાડેજાના હસ્તે સાહિત્ય સાધના એવોર્ડથી સન્માનિત થયેલા ડો. નિમાવત છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષણ, સાહિત્ય અને સમાજસેવા ક્ષેત્રે સક્રિય છે. કવિ અને કટારલેખક તરીકે તેમણે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના અનેક સન્માનો મેળવ્યા છે. તેઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વાઇસ ચેરમેન ઉપરાંત સહકાર ભારતી ક્રેડિટ કો-ઓપ. સોસાયટી રાજકોટ પ્રકોષ્ઠના અધ્યક્ષ, રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ડિરેક્ટર તેમજ અવધૂત ક્રેડિટ કો-ઓપ. સોસાયટી અને અવધૂત એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ ભાજપના સહકારી સેલના પૂર્વ કન્વીનર અને રામાનંદી સાધુ સમાજના પૂર્વ પ્રમુખ પણ રહ્યા છે. રક્તદાન અને વૃક્ષારોપણ જેવી સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહેનારા ડો. નિમાવતને તેમના જન્મદિવસે વિવિધ સંસ્થાઓ અને શુભેચ્છકોએ શુભકામનાઓ પાઠવી છે.

# નીટ UG-2026માં હિયા વસાવડાની દેશભરમાં 43મી રેન્ક

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા જાહેર કરાયેલા નીટ UG-૨૦૨૬ના પરિણામમાં હિયા જસ્મીનભાઈ વસાવડાએ ૭૨૦માંથી ૬૯૭ ગુણ મેળવી દેશભરમાં ૪૩મી ઓલ ઈન્ડિયા રેન્ક મેળવી છે. સાથે જ ગુજરાતમાં ચોથો ક્રમ અને કન્યાઓમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. NTAની ટોપ-૨૦ ફિમેલ યાદીમાં સ્થાન મેળવી તેણે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. હિયાએ બાયોલોજીમાં ૩૬૦માંથી ૩૬૦ ગુણ મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. દેશભરમાં ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાં ટોપ-૫૦માં સ્થાન મેળવવું વિશેષ માનવામાં આવે છે.

હિયા જાણીતા કેન્સર સર્જન જસ્મીનભાઈ વસાવડા અને પીડિયાટ્રિશિયન પ્રોફેસર હલક વસાવડાની પુત્રી છે. તે માંગરોળના ચંદ્રશેખરભાઈ અને માયાબેનની પૌત્રી તેમજ રાજકોટના સ્વ. જગદીશભાઈ જોશીપુરા અને દીપ્તિ જોશીપુરાની દોહિત્રી છે.હિયાએ જણાવ્યું કે પરિવાર અને પ્રશિક્ષકોના માર્ગદર્શન તથા આત્મવિશ્વાસ વધારવાના પ્રયાસોથી તે તણાવથી દૂર રહી શકી હતી. તેણે સફળતાનો શ્રેય માતા-પિતા અને પ્રશિક્ષકોને આપ્યો. ધોરણ ૧૦માં પણ તેણે અમદાવાદ કેન્દ્રમાં બીજું સ્થાન મેળવ્યું હતું.






| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| CALIBER MINING & LOGISTICS | 17/7 | 21/7 | 402 - 424 | 35 | 14,840 |
| XTRANET TECHNOLOGIES | 23/7 | 27/7 | 120 - 127 | 110 | 13,970 |
| INDO-MIM | 23/7 | 27/7 | 461 - 485 | 30 | 14,550 |
| LOHIA CORP | 23/7 | 27/7 | 404 - 425 | 35 | 14,875 |
| **SME DETAILS** | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| GULF LLOYDS (INDIA) | 20/7 | 22/7 | 100 | 2400 | 2,40,000 |
| METALIC TECHNOFORGE | 21/7 | 23/7 | 72 - 77 | 3200 | 2,46,400 |
| SHREE BALAJI (MALA) TEXTILES | 22/7 | 24/7 | 66 - 70 | 4000 | 2,80,000 |
| SILVERSTORM PARKS & RESORTS | 24/7 | 28/7 | 123 - 133 | 2000 | 2,66,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ULTRATECH CEMENT ૨૦ જુલાઈ ૨૦૨૬ના રોજ Q૧ FY૨૭ (નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક) ના પરિણામો જાહેર કર્યા છે. કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૭.૨૪% વધીને ૨,૬૦૩.૭૨ કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૨,૨૨૦.૯૧ કરોડ હતો. કુલ આવકઃ વાર્ષિક ધોરણે ૧૫.૮૫% ના વધારા સાથે ૨૪,૬૪૮.૨૦ કરોડ નોંધાઈ છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૨૧,૨૭૫.૪૫ કરોડ હતી. EBITDA: ગયા વર્ષના ૪,૪૧૦.૩૪ કરોડ સામે ૧૩.૭૨% વધીને ૫,૦૧૫.૪૫ કરોડ થયો છે.
- ONE ૯૭ COMMUNICATIONS PAYTM કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૭૯% વધીને ૨૨૦ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૧ FY૨૬) ૧૨૩ કરોડ હતો. કુલ ઓપરેટિંગ આવકઃ વાર્ષિક ધોરણે ૨૮% ના વધારા સાથે ૨,૪૪૮ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૧,૯૧૮ કરોડ હતી. ત્રિમાસિક ધોરણે તેમાં ૮% નો ગ્રોથ જોવા મળ્યો છે. કુલ આવકઃ બિન-ઓપરેટિંગ સોર્સની આવક ઉમેરતા કંપનીની કુલ આવક ૨,૬૩૦ કરોડ પર પહોંચી છે. EBITDA માર્જિન અગાઉના વર્ષના ૩.૭૫% ની સરખામણીએ સુધરીને ૮.૨૯% થયો છે.
- CENTRAL MINE PLANNING & DESIGN INSTITUTE ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૫૪% ના વધારા સાથે ૧૧૬.૨૭ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૭૫.૫૬ કરોડ હતો. ઓપરેટિંગ આવકઃ ૧૮% વધીને ૪૮૧.૩૭ કરોડ થઈ છે, જે અગાઉના વર્ષે ૪૦૯.૨૫ કરોડ હતી. કુલ આવકઃ બિન-ઓપરેટિંગ આવક સહિત કંપનીની કુલ આવક ૫૦૪.૦૨ કરોડ પર પહોંચી છે. EBITDA: વાર્ષિક ધોરણે ૬૧.૮૭% ના ઉછાળા સાથે ૧૬૮.૧૦ કરોડ થયો છે, જે ગયા વર્ષે ૧૦૩.૮૫ કરોડની આસપાસ હતો.
- CANARA HSBC LIFE INSURANCE COMPANY કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૦.૧૫% વધીને ૨૮.૧૪ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૨૩.૪૨ કરોડ હતો. કુલ પ્રીમિયમ આવકઃ વાર્ષિક ધોરણે ૨૩.૬૯% ના વધારા સાથે ૨,૧૬૧.૦૬ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૧,૭૪૭.૨૩ કરોડ હતી. ચોખ્ખી પ્રીમિયમ આવકઃ ૨૩.૮% વધીને ૨,૦૪૭.૫૦ કરોડ થઈ છે, જે અગાઉના વર્ષે ૧,૬૫૩.૪૦ કરોડ હતી.
- ACTION CONSTRUCTION EQUIPMENT કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૨.૨૮% વધીને ૧૧૯.૪૯ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૯૭.૭૨ કરોડ હતો ઓપરેટિંગ આવકઃ વાર્ષિક ધોરણે ૨૦.૪૯% ના વધારા સાથે ૭૮૫.૬૮ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૬૫૨.૦૮ કરોડ હતી. કુલ આવકઃ અન્ય ઓપરેટિંગ સોર્સની આવક સહિત કંપનીની કુલ આવક ૧૯.૫% વધીને ૮૪૦.૨૯ કરોડ થઈ છે.
- TOURISM FINANCE CORP OF INDIA ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૧૦૦.૨૯% ના ઉછાળા સાથે ૬૧.૨૧ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૧ FY૨૬) ૩૦.૫૬ કરોડ હતો. ઓપરેટિંગ આવકઃ વાર્ષિક ધોરણે ૨૭.૧૭% વધીને ૮૧.૦૨ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે સમાન ત્રિમાસિક ગાળામાં ૬૩.૭૧ કરોડ હતી. કુલ આવકઃ વ્યાજ અને કર રિફંડના વ્યાજ સહિતની અન્ય આવક ઉમેરતા કંપનીની કુલ આવક ૧૧૫.૧૫ કરોડ પર પહોંચી છે. ઓપરેટિંગ પ્રોફિટ માર્જિનઃ આ ત્રિમાસિક ગાળામાં સામાન્ય ઘટાડા સાથે ૮૭% રહ્યો છે, જે ગયા વર્ષે ૯૦.૬૩% હતો.
- મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ.ની બોર્ડ મીટિંગ ૪ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- બિરલાસોફ્ટ લિ.ની બોર્ડ મીટિંગ ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- મોઈલ લિ.ની બોર્ડ મીટિંગ ૨૯ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે–વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?




**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો –
**"સિટી ન્યૂઝ રાજકોટ"** સુધી!

તમારી સમસ્યાનો
**ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત
**અધિકારીઓ** સુધી પહોંચાડશું

ચૂંટણી હોય કે ન હોય –
**"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે**
**આપનો સહકાર જરૂરી**